**સુવિચાર**

લોકો આપણે સાંખી લે તેના કરતાં લોકો આપણને પ્રેમપૂર્વક અપનાવી લે એવી જીવનશૈલી જ જીવનનું જમા પાસું છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૫/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૨૧




## મતદારોને આકર્ષિત કરવા રોકડ, શરાબ કે અન્ય કોઈ વસ્તુઓ આપવી તે ગુનો છે

# મતદારોને લાંચ આપનાર કે લેનાર બંને સામે થશે કાર્યવાહી

**લોકસભા વિસ્તારનાં તમામ પોલીસ સ્ટેશન ખાતે ફ્લાઇંગ સ્ક્વોર્ડ સક્રીય**

**લાંચ આપનાર કે લેનારને એક વર્ષની સજા પણ થઈ શકે તેમ છે**

**રૂપિયા ૫૦ હજાર કે તેનાથી વધુની રોકડ રકમ સાથે લઈ જનારની પુછપરછ કરાશે**

**નાણાની હેરફેર અંગે જરૂરી દસ્તાવેજો સાથે રાખવા જરૂરી**

અમરેલી, તા. ૩

લોકસભાસામાન્યચૂંટણી–૨૦૨૪અંતર્ગતઆદર્શઆચારસંહિતા અમલી છે. લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે મતદારોને આકર્ષિત કરવા માટે રોકડ રકમ કે શરાબ અથવા અન્ય કોઈપણ ચીજવસ્તુઓનું વિતરણ કરવું તે ગુનો ગણાશે. મતદારોનેઆકર્ષિતકરવામાટે લાંચ આપનાર કે લાંચ લેનાર સામે કાયદેસરની કાર્યવાહીકરવામાંઆવશે. લાંચ આપનાર કે લાંચ લેનાર બંને સામે કેસ નોંધવા માટે તમામ પોલીસ સ્ટેશન ખાતે ફ્લાઈંગ સ્કોડ સક્રિય છે. આ ગુના માટે એક વર્ષ જેલની સજા અને દંડની જોગવાઈ છે. જિલ્લામાં કોઈપણ વિધાનસભા મતદાર વિભાગમાં રૂા. ૫૦ હજાર કે તેનાથી વધુની રોકડ રકમ સાથે લઈ જનાર તમામ વ્યકિતઓને તેઓની રકમ ફ્લાઈંગ સ્કવોડ કે સ્થાયી દેખરેખ ટુકડીઓ દ્વારા જપ્ત કરવામાં આવે છે. ફ્લાઈંગસ્કવોડકેસ્થાયીદેખરેખટુકડીઓ દ્વારા જપ્ત થતી અટકાવવા માટે તે રકમ અંગેના સાધનિક પુરાવા કે દસ્તાવેજો પાનકાર્ડ અને તેની નકલ, ધંધાના નોંધણી પ્રમાણપત્રની નકલ, રોકડ રકમના ઉપાડની વિગત દર્શાવતી બેંક પાસબુક, બેંક સ્ટેટમેન્ટની નકલ, રોજબરોજના રોકડ રકમના વ્યવહારો ધરાવતી ધંધાકીય પેઢીના કિસ્સામાં કેશબુકની નકલ, લગ્ન નિમંત્રણ પત્રિકા, હોસ્પિટલમાં દાખલ થયાના આધાર પુરાવા તેમજ અન્ય સ્થળે, વ્યકિતઓને ચૂકવણી કરવા માટે હોય તે આધાર સહિત રોકડ રકમના ઉપયોગ અંગેના આધારો સાથે રાખવા અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અમરેલીની એકયાદીમાં જણાવ્યુ છે.

## જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટ અને એસપીની સુચનાથી

# રાજુલામાં વિવિધ ગુન્હાઓ કરનાર ઈસમની ''પાસા'' હેઠળ અટકાયત કરાઈ

**એલસીબીએ સુરત જેલ ખાતે મોકલી દીધા**

અમરેલી, તા. ૩

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલે અમરેલી જિલ્લા વિસ્તારમાં ગુનાઓ આચરતા ઈસમ દિપક ઉર્ફે દીપ ભરતભાઈ ધાખડા રહે. રાજુલા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી તરફ મોકલી આપેલ હતી.

અનુસંધાન પાના ૬ ઉપર



## એશિયાટીક ગૌરવને ભોજન માટે ભટકવુ પડે છે

# લ્યો બોલો : ધારીનાં માનવ વસાહત ધરાવતાં ઝર ગામે શિકારની શોધમાં સિંહણનું આગમન

**ગાયનો શિકાર કરતી ઘટના કેમેરામાં કેદ થઈ**

ધારી, તા. ૩

ધારીના ઝર ગામે રાત્રિના સિંહણ ત્રાટકી હતી અને ગાયનો શિકાર કર્યો હતો. જે સમગ્ર ઘટના કેમેરામાં કેદ થતા લાઈવ શિકાર જોવા મળ્યો હતો.

ધારી નજીક સિંહનો ગઢ ગણાતા વિસ્તાર એવા ઝર ગામમાં ગતરાત્રિના એક સિંહણ ગામમાં ઘસી આવી હતી અને એક ગાયનો શિકાર કર્યો હતો. આ તમામ ભગદડમાં ગામ લોકોની ઉંઘ ઉડી જતા સિંહણ પોતાનો શિકાર મુકી જંગલ તરફ ચાલી નીકળી હતી.






## માર્ગ ઉપર મોટો પથ્થર આવી જતાં

# બગસરાનાં અમરેલી બાયપાસ નજીક ખાનગી બસ પલ્ટી ગઈ

**બસનાં ચાલકનો ચમત્કારીક બચાવ થયો**



બગસરા, તા. ૩

બગસરા અમરેલી બાયપાસ પાસે ખાનગી બસ પલટી ખાતા ડ્રાઈવરનો ચમત્કારી બચાવ થયો છે. મળતી વિગત મુજબ બગસરાની શિવ શકિત ટ્રાવેલ્સ બગસરાથી અમદાવાદ રોજિંદા રૂટ માટે જતી હોય. ત્યારે અમરેલી બાયપાસ પાસે મોટો પથ્થર આવી જતાં ગાડી પલટી મારી ગઈ હતી અને ડ્રાઈવરનો ચમત્કારી બચાવ થયો હતો. સદ્નસીબે આ બસ સંપૂર્ણ રીતે ખાલી હતી અંદર કોઈ બેઠેલ ન હતું.















## અમેઠી બેઠકને બદલે રાયબરેલી બેઠક ઉપર ઉમેદવારીપત્રક ભર્યુ

# ''ડરો મત''નો નારો લગાવનાર રાહુલ ગાંધીની પીછેહઠ કોંગ્રેસને ભારે પડશે ?

### દેશની સાથે કોંગ્રેસનું ભવિષ્ય નકકી કરનાર ચૂંટણીમાં કોંગી નેતા ભાજપનાં ઉમેદવાર સ્મૃતિ ઈરાની સામે જંગમાં ન ઉતર્યા

અમરેલી, તા. ૩

ભારત દેશ અને કોંગ્રેસ પક્ષનું ભવિષ્ય નકકી કરનારી લોકસભાની ચૂંટણીનો માહોલ બરાબર જામી ગયો છે અને કોંગ્રેસનાં ટોચના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી કયાં મતક્ષેત્રમાંથી ચૂંટણીજંગમાં ઉતરશે તેની ચર્ચા સમગ્ર દેશમાં થતી હતી અને ગત ચૂંટણીમાં અમેઠી બેઠક ઉપરથી ભાજપનાં ઉમેદવાર સ્મૃતિ ઈરાની સામે પરાજય પામેલ રાહુલ ગાંધી અમેઠી બેઠક પરથી ચૂંટણી લડશે તેવી ચર્ચા વચ્ચે આજે રાહુલ ગાંધીએ અમેઠીને બદલે રાયબરેલી બેઠક ઉપરથી ઉમેદવારીપત્રક રજુ કરતાં આશ્ચર્ય ફેલાયું છે.

### પ્રિયંકા ગાંધીએ પણ લોકસભાનાં ચૂંટણી જંગમાં ન ઉતરીને પક્ષને આંચકો આપ્યો

દેશમાં છેલ્લા ૨ વર્ષથી કોંગ્રેસ પક્ષને મજબુત કરવા અને દેશનાં ખેડૂતો, શ્રમિકો, બેરોજગાર યુવાનો, મહિલાઓ, વેપારીઓને મળીને રાહુલ ગાંધીએ કોંગ્રેસ પક્ષ તરફી માહોલ ઉભો કરી રહ્યા છે અને તેઓએ ''ડરો મત''નું સુત્ર પણ વહેતું કર્યુ છે અને તેઓ પાર્લામેન્ટથી લઈને તેમની ભારત જોડો યાત્રમાં પણ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા હતા.

પરંતુ જયારે ડરવાનું ન હતું અને જયારે બહાદુરી બતાવીને ગત લોકસભાની ચૂંટણીમાં જેમની સામે પરાજિત થયા તેવા ભાજપનાં ઉમેદવાર સ્મૃતિ ઈરાનીને પરાજિત કરવાની ચેલેન્જ સ્વીકારવાની હતી અને

### નરેન્દ્ર મોદી સામે લડવાને બદલે ભાજપનાં અન્ય મહત્વનાં નેતા સામે પણ ટક્કર ન લેતા આશ્ચર્ય

સમગ્ર દેશનાં કોંગ્રેસી કાર્યકરો અને આગેવાનોનાં ઉત્સાહમાં વધારો કરવાનો હતો તેવા જ સમયે રાહુલ ગાંધીએ અમેઠીને બદલે રાયબરેલી બેઠકની ચૂંટણી લડવાનું નકકી કરતા ''ડરો મત'' કહેનાર નેતા ડરી ગયા કે પછી કોઈ અન્ય રણનીતિ છે તે બાબત કોઈ સમજી શકતું નથી અને તેમની ટીમે કયાં કારણોસર રાહુલ ગાંધીને અમેઠી બેઠક પર ચૂંટણી ન લડવાની સલાહ આપી તે સમજી શકાતું નથી.

જયારે કોંગ્રેસ પક્ષનાં ટોચના નેતા રાહુલ ગાંધીએ ભાજપનાં ટોચના નેતા નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડવાની જરૂર હતી તેવા સમયે તેઓ ભાજપનાં અન્ય કદાવર નેતા સ્મૃતિ ઈરાની સામે પણ જંથે ન ચડતાં તેને લઈને ભાજપ ધ્વારા

### રાહુલ ગાંધીની ટીમે કયાં કારણોસર અમેઠીથી ચૂંટણી ન લડવાની સલાહ આપી તે સમજાતું નથી

રાહુલ ગાંધી ઉપર આકરા શાબ્દિક પ્રહારો શરૂ થવાનાં તે નકકી છે.

બીજી તરફ પ્રિયંકા ગાંધી પણ લોકસભાનાં ચૂંટણી જંગમાં ન ઉતરતા કોંગ્રેસનાં યુવા અને મહિલા કાર્યકરોમાં પણ નિરાશા ઉભી થઈ છે. કારણ કે પક્ષનાં સેનાપતિ જ ચૂંટણી લડવા માટે નનૈયો ભણે તો પક્ષનાં સૈનિકોનું મનોબળ તૂટે તે પણ સ્વાભાવિક છે અને જેનાં કારણે પક્ષને ઈચ્છિત પરિણામ ન પણ મળે તેવું પણ બની શકે.

## અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કુલના સ્ટુડન્ટસને કરાટે બેલ્ટ ગ્રેડેશન એકઝામમાં ઝળહળતી સફળતા





અમરેલી, તા. ૩

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે કરાટે બેલ્ટ ગ્રેડેશન એકઝામનું આયોજન કરવામાં આવેલ હતું. જે એકઝામ ગુજરાત વાડો કાઈ કરાટે ડુ એસોસિએશનના ટેકનીકલ ડાયરેકટર સેન્સે રણજીત ચૌહાણ દ્વારા એકઝામ લેવામાં આવી હતી. જેમાં સંસ્થાના અંગ્રેજી માધ્યમ અને ગુજરતી માધ્યમના ૨૦ બાળકોએ કરાટેની અલગ–અલગ બેલ્ટની એકઝામ પાસ કરી ગ્રીન,બ્લ્યુ, ઓરેન્જ,વ્હાઈટ,યેલો બેલ્ટ પ્રાપ્ત કરી સંસ્થા તથા અમરેલીજિલ્લાનું નામ રોશન કયું હતું.જેમાં રામાણી ભકિત (બ્લુ બેલ્ટ),દવે મૈત્રી(બ્લુ બેલ્ટ),બસન રિદ્ધિ(ગ્રીન બેલ્ટ), ગઢિયા વૃષ્ટિ(બ્લુ બેલ્ટ), હીંગુ પ્રાચી(ગ્રીન બેલ્ટ),બસન જયમિનસિંહ(ગ્રીન બેલ્ટ), માંડલિયા ઉચિત(ગ્રીન બેલ્ટ), દોશી સુજલ(ગ્રીન બેલ્ટ), પરમાર દેવરાજ(ગ્રીન બેલ્ટ), વાટલિયા જલધી(ઓરેન્જ બેલ્ટ), સોલંકી કાવ્યા(ઓરેન્જ બેલ્ટ),દવે કૃપા(ઓરેન્જ બેલ્ટ), હિરપરા માનશુ(યલો બેલ્ટ), જેઠવા ધર્મ(યલો બેલ્ટ), જેઠવા વંશ(યલો બેલ્ટ), હીંગુ સાચી(વ્હાઈટ બેલ્ટ), રામાણી યાજ્ઞા(વ્હાઈટ બેલ્ટ), ગંગાજળીયા આર્વી(વ્હાઈટ બેલ્ટ), પાડા યુવરાજ(વ્હાઈટ બેલ્ટ) મેળવ્યા હતાં. વિદ્યાર્થીઓએ ઘનિષ્ઠ તાલીમ મેળવીને આ પરીક્ષા પાસ કરી હતી. સંસ્થામાં વિવિધ રમતોમાં, અને ખાસ બેહેનોને સેલ્ફ ડિફેન્સમાં (સ્વ–રક્ષણ) ઉતમ ટ્રેનિગ આપવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે આ ખેલાડીઓએ સફળતા પ્રાપ્ત કરેલ છે.ખેલાડીઓની આ સફળતા માટે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસડાયરેકટર વસંતભાઈ પેથાણી તથા કોચએ પરીક્ષામાં સફળતા માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવી હજુ વધારે સિધ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભકામના વ્યકત કરી હતી.

## ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા લીલીયામોટા ખાતે મતદાન જાગૃતિ અભિયાન યોજાયું





લીલીયા, તા. ૩

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગ્ ક્લાસ દ્વારા લીલીયા તાલુકા કક્ષા ના ગુજરાત રાજય યોગબોર્ડ દ્વારા કોચ ની નિમણૂક પામેલા કમળાબેન ભરતભાઈ હેલૈયા દ્વારા લીલીયા મુકામે ચાલતા યોગ ક્લાસમાં આજરોજ યોગ ક્લાસમાં આવતા યોગ ટ્રેનરો તથા યોગ સાધકોને લોકસભા ના ચૂંટણી પર્વ નિમિત્તે મતદાન જાગૃતિ લાવવા અને મતદાન અવશ્ય કરવા ક્લાસમાં આવતા તમામ ટ્રેનરો અને સાધકો ને મતદાન કરવા અને કરાવવા શપથ લેવડાવવામાંઆવેલ આ તકે હાજર રહેલા લીલીયા તાલુકાના તમામ સાધકો અને ટ્રેનરો ઉપસ્થિત રહી મતદાન ના શપથ લીધા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

## વેપારી એસોસિયન મંડળ દ્વારા ખાંભા સહજાનંદ ગુરૂકુળ ખાતે મતદાન જાગૃતતાની મીટીંગ યોજાઈ





ખાંભા, તા. ૩

ખાંભા સજાનંદ ગુઢકુળ ખાતે વેપારી એસોસન મંડળ દ્વારા મતદાન જાગૃતતાની મિટિંગ મળી હતી લોકસભાની ચૂંટણીના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોય ત્યારે સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં અલગ અલગ રીતે મતદાન જાગૃતતા કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે ત્યારે ખાંભા વેપારી એસોસિયન મંડળ દ્વારા લોકોમાં મતદાન જાગૃતતા આવે તે બાબતને લઈને મીટીંગ મળી હતી તેમાં વેપારીઓએ દ્વારા ગામજનો અને ખાંભાના તમામ વેપારીઓને અપીલ કરવામાં આવી હતી કે લોકશાહીનું મહા પર્વમાં મતદાન કરવું તે લોકોની નૈતિક ફરજ હોય છે અને મતદાન કરવું એ આપણો જન્મજાત અધિકાર છે અને લોકશાહીને મજબૂત બનાવવા માટે વધુમાં વધુ મતદાન થાય અને સે લોકો મતદાન અવશ્ય કરે તેવી વેપારી મિત્રો દ્વારા અપીલ કરવામાં આવી હતી અને લોકશાહીને મજબૂત બનાવવા માટે મતદાન કરવું એ આપણી ફરજ છે અને આ મિટિંગમાં ખાંભાના નાના મોટા તમામ વેપારી સહિત ઉપસ્થિત રહ્યા હતા અને લોકશાહીના પર્વમાં મતદાન કરવું અને કરાવવા બાબતે વેપારી મિત્રોએ શપથ લીધા હતા કે હું મતદાન કરીશ અને મારા પરિવારની મતદાન કરાવીશ આ તમામ કાર્યક્રમનું આયોજન વેપારી એસોસિયન મંડળ તેમજ વેપારી એસએસએનના પ્રમુખ મહેન્દ્રભાઈ હરિયાણી તેમજ ખાંભા સરપંચના પ્રતિનિધિ બાબા ભાઈ ખુમાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

### યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

## અમરેલીમાં સરદાર પટેલ ગૃપ દ્વારા રાહત દરે ચોપડા વિતરણનો શુભારંભ

### ૧૧૦, ૧૬૦ અને ૧૭૬ પેજનાં ચોપડા અપાશે



અમરેલી, તા. ૩

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચા ના ઉપાધ્યક્ષ અને શ્રી સરદાર પટેલ ગ્રુપ ના સ્થાપક પ્રમુખ શ્રી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ ગૃ દ્વારા અમરેલી ખાતે રાહત દરે ચોપડા વિતરણ નો શુભારંભ કરવામાં આવ્યો જેમાં હાલની મોંઘવારીને પ્રયાનમાં રાખી અને સારી કવોલિટી લોકોને મળી રહે તેવા હેતુથી અમરેલીની જનતા માટે રાહત દરે ચોપડા વિતરણ નું આયોજન સરદાર પટેલ ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું છે જેમાં ૧૧૦ પેઝનાં ચોપડા માત્ર ૩૨૦માં, ૧૬૦ પેઝના ચોપડા ૩૨૦મા અને ૧૭૬ પેઝ ના ચોપડા માત્ર ૪૨૦ આપવામાં આવી રહ્યા છે અને જૂજ સ્ટોક હાજરમાં હોય વહેલા તે પહેલા સસ્તા અને સારા ગુણવત્તાયુકત ચોપડા મેળવવા માટે અમરેલી જીલ્લા સહકારી સંઘ લાયબ્રેરીની બાજુમાં, સરદાર પટેલ ક્રેડિટ કો ઓપેરેટિવ સોસાયટી લી ભીડભંજન સામે અને અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી જેશિંગપરા ખાતેથી વેચાણ કરવામાં આવી રહ્યું છે.

### લોકસભાની ચુંટણીને અનુલક્ષીને

## અમરેલીનાં ફોરવર્ડ હાઈસ્કુલનાં પટાંગણમાં આજે સાંજે ૬ કલાકે ''રન ફોર વોટ'' યોજાશે

### શહેરીજનોને મોટી સંખ્યામાં જોડાવવા પાલિકાનો અનુરોધ

અમરેલીતા.૨

અમરેલી શહેરમાં યોજાય રહેલ લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે અંગે અમરેલી નગર પાલિકા દ્વારા અવનવા કાર્યક્રમ યોજી મતદારોને મતદાન જાગૃતિ અર્થે ઉજાગર કરવામાં આવી રહેલ છે ત્યારે તા.૪ મેના રોજ ફોરવર્ડ હાઈસ્કૂલ ના મેદાન ખાતે રન ફોર વોટનું આયોજન કરવામાં આવેલ છે.

અમરેલી નગર પાલિકાના ચીફ ઓફિસર એચ.કે. પટેલે જણાવેલ હતું કે અમરેલી શહેરમાં સાતમી મે ના રોજ યોજાય રહેલ લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો જાગૃતિ દાખવી મતદાન કરે તે દિશામાં ઈલેક્શન કમિશન દ્વારા દરરોજ અવનવા કાર્યક્રમ યોજવા તાકીદ કરવામાં આવી રહેલ છે. ચૂંટણી પંચની સૂચના મુજબની તમામ કામગીરી અમરેલી નગર પાલિકા દ્વારા ચુસ્ત પણે કરવામા આવી રહેલ છે. આવીજ રીતે મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે તા.૪ મેના રોજ સાંજ ના છ કલાકે અમરેલી ફોઈવર્ડ સ્કૂલ ખાતે આવેલ વિશાળ ગ્રાઉન્ડ ઉપર રન ફોર વોટ નું આયોજન કરવામાં આવેલ છે જેમાં શહેરીજનોએ પોતાની નૈતિક ફરજ ને ઉજાગર કરવા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જાહેર વિનંતી કરવામાં આવે છે.

# અમરેલીનાં નિત્યમ વિદ્યા સંકુલમાં સંચાલકનાં જન્મદિને વૃક્ષારોપણ કરાયું



અમરેલી : નિત્યમ વિદ્યા સંકુલના સ્થાપક, ચેરમેન અને યુવા કેળવણીકાર હસમુખ પટેલે પોતાના અને પોતાના પરિવારના દરેક સભ્યોનાં જન્મ દિવસે વૃક્ષારોપણ કરી જન્મ દિવસ ઉજવવાની પરંપરા કાયમી જાળવી રાખી છે. આજે તેમના ૪૦ વર્ષ પૂર્ણ થતાં હોય ત્યારે આ એક વર્ષમાં ૪૦૦૦, ચાર હજાર વૃક્ષો વાવીને ઉછેરવાના સંકલ્પ સાથે આજે વૃક્ષારોપણ કરી તેમનો જન્મ દિવસ ઉજવ્યો છે.આગામી દિવસોમાં નિત્યમ વિદ્યા સંકુલ – સહજ સીટીના વિશાળ પટાંગણમાં ૪૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી સમગ્ર કેમ્પસને ગ્રીન કેમ્પસ બનાવી પર્યાવરણના જતનના ભગીરથ કાર્યનો પ્રારંભ આજે હસમુખ પટેલના જન્મ દિવસથી કરવામાં આવ્યો હતો. નિત્યમ વિદ્યા સંકુલનાં વિશાળ પરિસરમાં એકજ વર્ષમાં ૪૦૦૦ વૃક્ષોનું વાવેતર અને જતન સંવર્ધન કરી સમગ્ર કેમ્પસને હરિયાળા વાતાવરણમાં રૂપાંતરિત કરવાનાં ભગીરથ કાર્ય માટે કમર કસી છે. આજે પર્યાવરણ બચાવવા અને વૃક્ષો વાવેતર માટે સરકાર, સમાજિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ પોતાનું આગવુ યોગદાન આપી રહી છે. ત્યારે દેશના નાગરીક તરીકેની ઉમદા ફરજના ભાગરૂપે પોતાના જન્મદિન કે લગ્નદિનના ઉજવણીમાં ખોટા ખર્ચા કરીને જમણવાર કરીને કે ડી. જે. ના તાલે ઉજવતા જન્મદિનને બદલે પર્યાવરણના રક્ષકની રાષ્ટ્રીય ફરજ તરીકે પોતાનું આંગણું ગામ, શહેર કે રાજય અને રાષ્ટ્ર માટે બહોળી સંખ્યામાં વૃક્ષોનું વાવેતર અને રક્ષણ કરીને હરિયાળા પર્યાવરણ બનાવવા સૌ કબિધ્ધ બનીને આ ઉમદા કાર્યને ઉપાડી લે તેવા સંદેશ સાથે ૪૦૦૦ વૃક્ષોનો સંકલ્પ લઈને સૌ માટે પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂ પાડયુ છે.

## લોકસભાની ચૂંટણીનાં મતદાનને હવે ગણતરીની કલાકો બાકી રહી હોય

# આજે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાની ઉપસ્થિતિમાં ઠેકઠેકાણે સંમેલન

### ભાજપની વિશાળ સંગઠન શકિત, વિકાસકાર્યોની સુવાસ સાથે સમગ્ર લોકસભા વિસ્તારમાં કેસરીયો માહોલ જામી ગયો

### ભાજપનાં ઉમેદવારને એક-બે લાખથી નહી બલ્કે પાંચ લાખ મતોથી વિજેતા બનાવવાનાં ઘ્યેય સાથે ભાજપીઓ સક્રીય

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં સમર્થનમાં દરેક સમાજનાં યુવાઓ, મહિલાઓ અને વડિલો સહિત સૌ કોઈ જોડાયા

### ભાજપનાં કદાવર તમામ આગેવાનો ખભેખભા મિલાવીને એક થઈને પ્રચારકાર્યમાં વ્યસ્ત બન્યા









અમરેલી, તા. ૩

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીનાં મતદાનને હવે ગણતરીની કલાકો બાકી રહી હોય વિશાળ સંગઠન શકિત ધરાવતાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને વિજેતા બનાવવા માટે આવતીકાલ શનિવારે વેપારીઓ, સહકારી સંસ્થાઓ અને વિવિધ સમાજનાં સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

અમરેલીનાં ઈશ્વરીયા નજીક આવેલ મોટા બાની વાડી ખાતે સવારનાં ૯:૩૦ કલાકે સહકાર સંમેલ જિલ્લાનાં દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીનાં અઘ્યક્ષ સ્થાને યોજાઈ રહ્યું છે. આ તકે નાયબ દંડક કૌશિક વેકરિયા, સાંસદ કાછડીયા, ઉમેદવાર ભરત સુતરીયા તેમજ જિલ્લાનાં તમામ ધારાસભ્યો જોડાશે.

તદુઉપરાંત મહુવાનાં તલગાજરડા ખાતે સવારે ૧૦ કલાકે આહીર સમાજનું વિશાળ સંમેલન યોજાશે. જેમાં ભાજપ પ્રમુખ સી.આર. પાટિલ, આર.સી. મકવાણા, રવુભાઈ હુંબલ, શિવાભાઈ ગોહિલ, ડો. બલદાણીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે.

તદુઉપરાંત સાંજે ૬ કલાકે અમરેલી ખાતે કડવા પટેલ વાડી, હનુમાનપરા ખાતે સમસ્ત વેપારી મહાજનોનું સ્નેહમિલન યોજાશે. મોટી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહેશે.

આમ અમરેલી લોકસભા બેઠકનાં ઉમેદવાર ભરત સુતરીયાને જિલ્લા ભાજપનાં તમામ કદાવર આગેવાનો, પદાધિકારીઓ, યુવાઓ, મહિલાઓ, દરેક સમાજ અને દરેક સંગઠનનું વ્યાપક સમર્થન મળતાં પાંચ લાખ મતોથી વિજેતા થવાનો આશાવાદ સૌ કોઈમાં ઉપસ્થિત થયો છે.

## મજાક મજાકમાં માથાકૂટ શરૂ થઈ

# સાવરકુંડલાની સાધના સોસાયટીમાં ગાળો બોલવા બાબતે બઘડાટી

### પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૩

સાવરકુંડલા ગામે સાધના સોસાયટીમાં રહેતા અરમાનભાઈ સલીમભાઈ ધાનાણી નામનાં ૨૪વર્ષિય યુવક તથા સામાવાળા ફિરોજખાન દિલાવરખાન પઠાણ બેઠા હતા અને બંને એકબીજાની મજાક કરતા હતા. તે દરમ્યાન સામાવાળાએ યુવકને ગાળો આપતા યુવકે ગાળો દેવાની ના પાડતા સામાવાળાને સારૂ નહી લાગતા યુવકને ઢીકાપાટુનો મુંઢમાર મારેલ. તે દરમ્યાન આરોપી અરબાજ ફિરોજખાન પઠાણ આવી અને યુવકને જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી અને બાજુમાં પડેલ પથ્થર વડે માથાના પાછળ ના ભાગે મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## રાજુલા : દેવભૂમિ દેવપરા ખાતે મહાકાળીમાના મઢે મહાયજ્ઞ યોજાયો



રાજુલા, તા. ૩

રાજુલા તાલુકાનું દેવભૂમિ દેવપરા મહાકાળીમાના મઢે મુખ્ય યજમાન ઉકાભાઈ ભીખાભાઈ બાંભણિયા દ્વારા યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું તે યજ્ઞમાં તેમના પુત્ર સંતોષભાઈ ઉકાભાઈ બામણીયા પુજા, અર્ચન, બીડુ હોમવામાં આવ્યું હતું મહાપ્રસાદનો આયોજન પણ કરવામાં આવ્યું હતું આ મહાકાળીમાના યજ્ઞમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળ્યા હતા દર્શનનો લાભ લીધો હતો તેમજ ત્યાંના સરપંચ વાલભાઈ મહાકાળીમાના ભુવા આકાશભાઈ મહુવા થી હીરા એસએસએનના પ્રમુખ મહુવા ધનાભાઈ તેમજ બળવંતભાઈ બારીયા ટેક્સીવાલા રાજુલા કઠીવદર થી ટીનાભાઈ સોલંકી બાંભણિયા પરિવાર ના મઢે મેળ આવડો જામ્યો હતો બહેનો દીકરીઓ બાળકો સર્વે દર્શનનો લાભ લીધો હતો ભક્તિ ભાવને ભોજન ત્રિવેણી સંગમ જોવા મળ્યું હતું.

## મારૂતિયજ્ઞ, ગુરૂપૂજન, નિદાન કેમ્પ જેવા કાર્યક્રમો યોજાશે

# હિપાવડલી ખાતે લટુરીયા હનુમાનજીનાં ૨૭માં પાટોત્સવની કાલે ઉજવણી

### હનુમાન ભક્તોને લાભ લેવા અનુરોધ થયો

લીલીયા, તા. ૩

હિપાવડલી ખાતે આવેલ સુપ્રસિધ્ધ લટુરીયા હનુમાનજીનાં મહંત અને ૧૦૦૮ મહામંડલેશ્વર જસુબાપુ ગુરુ જમનાદાસ બાપુ દ્વારા આગામી તા.૦૫/૦૫/૨૦૨૪ રવિવારના રોજ લટુરીયા હનુમાનજી મહારાજનાં ૨૭ મો પાટોત્સવ તેમજ સદગુરુ જમનાદાસબાપુની ૧૯મી નિર્વાણ તીથી અને સર્વ રોગ નિદાન મેગા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે મારૂતી યજ્ઞ ગુરૂપૂજન, સર્વરોગ નિદાન કેમ્પ, મહાપ્રસાદ અને સંતવાણી ભજન કાર્યક્રમનું આયોજનન કરવામાં આવેલ છે. જલ સેવા એજ પ્રભુ સેવાનું સૂત્ર સાર્થક કરવામાં જસુબાપુ દ્વારા સર્વરોગનું આયોજન કરવામાં આવેલ છે. જેમા જનરલ સર્જન ડો. મનીષ બલદાણીયા, ફિઝીશયન નિષ્ણાંત ડો. રાજેન્દ્ર પડીયા, ડો. યોગેશ કાતરીયા હાડકા ડો. ધીરજ આહીર, ડો. ચિરાગ પરમાર, ડો. યશ પટેલ, સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. જગદીશ પરમાર, ડો. અંકિત સંઘવી, ડો. સંજય ભુત, કાન, નાક, ગળા, ડો. પિયુષ વાઘમસી ચામડીના, ડો. જાજ્ઞેશ પાઠક, ડો. આર.બી. હડીયા., બાળ રોગ ડો. હરી, ડો. અવની ઝીંજાવા, દાંતરોગ ડો. જયસુખ મકવાણા, ડો. અભિજીત જેબલીયા, આંખના ડો. વિનોદ રાઠોડ, ડો. કિરીટ આચાર્ય, માનસિક રોગ ડો. ઝીંજાવા સહિતના ડોકટરો સેવા આપશે. આ તકે દરેક દર્દીને વિના મૂલ્યે દવા હરીઓમ મેડીકલ વંડા, મેહુલભાઈ ગોંડલીયા, સુધીર સિંહ જાડેજા તરફથી વિતરણ કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા આશ્રમના સેવકો જહેમત ઉઠાવી રહ્યા છે. જસુબાપુએ જણાવ્યું હતું કે જલ સેવા એજ પ્રભુ સેવા અત્યાર સુધીમાં આશ્રમ દ્વારા ૨૦૧ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૪૪૭૭૭ દર્દીઓને તપાસવામાં આવ્યા છે. ૬૬૮૭ દર્દીઓના વિના મૂલ્યે મોતિયાના ઓપરેશન થયા છે. અને આશ્રમ દ્વારા બલ્ડ કેમ્પ યોજીને અલગ-અલગ બલ્ડ બેંકને કૂલ ૧૮૦૭ બોટલ રકતદાન કરવામાં આવેલ.





"અમરેલી એક્સપ્રેસ"
અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક
અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૭૮૩૫૦ ૧૨૮૨૭
















| ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ | |
|---|---|
| ધો.૧૦ P.R. | ફી માફી |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |









કોઈ ક્રોધી બાપ પોતાના સંતાનોને ડોળા તાણીને ડારા દેતો હોય એમ મધ્યાહનનો સૂરજ તપ્યો હતો. સંતાનોનાં મનમાંય બાપને સામો જવાબ આપવાનો આવેશ ઊભરાતો હોય પણ બાપની ધાકને લીધે શબ્દો ગળામાં અટકી જાય ને મનોમન અકળાય એમ જમીનમાંથી ગરમ વરાળ નીકળતી હતી. સુતાનોની વ્યાકુળ મનોદશા જોઈને કોઈ ત્રાહિત વ્યકિત એના બાપને વારે પણ પરિસ્થિતિમાં કાંઈ ફેર ન પડે એમ થાકીને પવન થંભી ગયો હતો. આ તો રોજનું થયું માવતર છે તે ખિજાય તોય આપણાં હિતનું હોય. – કોઈક આવું પણ વિચારે એમ બેપરવા બનીને મેઘજીભગત ફળિયાના ઘેઘૂર લીમડાને છાંયે ખાટલો નાખીને સૂતા હતા. વહેલી સવારે ઊઠીને માટીનાં વાસણો બનાવવાના કામમાં લાગી ગયેલા એટલે બપોરે જમ્યા પછી સૂતા એવી તરત આંખો મળી ગઈ હતી. બાજુમાં જ મોટો રોડ હતો. વાહનોની અવરજવરનો ન પજવે એમ મેઘજીભગતને એ અવાજોની અસર નહોતી થતી.

મેઘજીભગતના મોટા ફળિયામાં માટીનાં ગોળા–ગોળીઓ, માણ, નાની–મોટી નાન, વિવિધ આકારનાં માટલાં, એને ઢાકવાની ઢાંકણીઓ, બુઝાંરાઓ, દોણિયું, કુલડીયું ભંભા અને ભંભલીઓ તાવડી, દેવડા ને કોડિયાંઓ વ્યવસ્થિત ગોઠવેલાં હતાં. ગારમાટીના કસિયેલ ભીતડાં અને એટલી ફળિયામાં પડેલાં વાસણોને જાહેરાતની જરૂર નહોતી પડતી. રસ્તે આવતાં–જતા લોકોને દૂરથી જ ખબર પડી જતી કે, ‘આ પ્રજાપતિનું ઘર છે ને અહીં માટીનાં વાસણો મળે છે.’ આજ જ રસ્તે ચાલી જતી એક ફોરવ્હિલ લીમડા પાસે સાઈડમાં આવીને ઊભી રહી. કારનો કાચ નીચે ઉતારીને ગાડીમાં બેઠા બેઠા જ ગાડીવાળાએ બૂમ પાડી : ‘‘ભગત, એ... ભગત...!’’

બે–ત્રણ વખત બૂમ પાડી છતાં હોકારો ન મળ્યો એટલે ગાડીમાંથી એ ભાઈ અને તેમનાં પત્ની બંને નીચે ઉતર્યા. ઝાંપલી ઉઘાડીને મેઘજીભગત સૂતા હતા ત્યાં આવીને ફરીસાદ પાડયો એટલે મેઘજીભગત જાગ્યા ને સૂતા સૂતા જ પૂછયું : ‘‘બોલો...!’’

‘‘એક ગોળો લેવો છે ટાઢું પાણી ના થાય તેવો.’’

‘‘લઈ લ્યો.’’ મેઘજીભગત ઊંઘરેટી આંખો ઊંઘાડતાં બોલ્યાં.

‘‘એમ નહિ, સારો જોઈને આપો.’’ બહેન કહ્યું. મેઘજીભગત ખાટલામાં બેઠા થયા પણ ઊભા ન થયા, ‘‘બધાય ગોળા સારા જ છે. તેમને ગમે એ લઈ લ્યો.’’

બહેન ગોળાની થપ્પી પાસે ગયાં ને ભાઈ મેઘજીભગતની બાજુમાં ખાટલે ઈસ. ઉપર તોછડા બેઠા, ને બોલ્યા : ‘‘આ તડકોય કાળા કોપનો છે હો.’’

મેઘજીભગત જવાબ આપવાને બદલે ઉભા થયા અને લીમડાના થડ પાસે મૂકેલા ગોળામાંથી ટાઢાં પાણી લાટો ભરીને કહ્યું : ‘‘ ના...ના, પાણી નથી પીવું. બિસલેરીની બોટલ ગાડીમાં છે જ ! આમ પણ હું માટલાનું પાણી નથી પીતો ! આ તો મારી વાઈફને આવાં વાસણોનો મોહ છે એટલે લઈએ નહિતર ઘેર ફ્રીજ છે જ.’’

આ ખાખરાની ખિસકોલી આંબાના રસનો સ્વાદ શું જાણે – મેઘજીભગત મનોમન બોલ્યા ને ખબર વિના મોં કટાણું થઈ ગયું ને પૂછયું : ‘‘કયાંથી આવો છો ?’’

# વાર્તા–વૈભવ

## ગોરધન ભેસાણીયા

**– ગોરધન ભેસાણિયા**

‘‘ઓહ ! તમે મને નથી ઓળખતા ? મને એવું લાગ્યું તો ખરું જ. હું આપણા વિસ્તારનો સામાજિક કાર્યકર છું. ડી.કે.નું નામ તો તમે સાંભળ્યું જ હોય !’’

‘‘ડી...કે. ! એ વળી શું ? આવું નામ હોય ?’’

ડી.કે.નો. અહમ ઘવાયો પણ એણે એ દેખાવા ન દીધું ને ચોખવટ કરી : ‘‘મારું નામ ડાહ્યાલાલ કુબેરદાસ છે પણ બધા મને ટૂંકા નામે ઓળખે છે.’’

‘આ નવું ! એમ તો હુંય ટૂંકા નાકમે સઈ કરું મેઘજી નાનજીએ બદલે મે.ના. એટલું આવડે છે. તમને ટૂંકા નામે બોલાવવા હોય તો ડાકુ કે’વાયને !’’

ડી.કે.ને ચોટ તો લાગી પણ બહુ અસર ન થઈ. એણે મન મનાવ્યું : – આ બુડથલને શું ખબર પડે ! આવા બોલે એની સામે કયાં જોવું ! –

જે પક્ષની સરકાર હોય તેની ચમચાગીરી કરી કરીને ડી.કે. અઢળક પૈસા કમાણા હતા. વધારામાં કાર્યકર હતા એટલે હજુય એનાં કાર્યને ‘કર’ મળ્યા કરતો હતો. અત્યારે પણ ખિસ્સામાં હાથ નાખવો ન પડે તેવું વિચારીને બોલ્યા : ‘‘શું નામ તમારું ભગત ?’’

‘‘મારું નામ મેઘજી.’’ નામ બોલીને મેઘજીભગતે વિચાર્યુ આ ઘડી મેં કીધું કે હું ટૂંકા નામે મેઘજી નાનજીને બદલે મે. ના લખું છું ઘડીકમાં આ ડાકુ ભૂલી ગયો હશે ? !

‘‘મેઘજીભગત, તમે વાસણ બહુ સરસ બનાવો છો, પણ આમાં તમને વળતર કેટલુ મળે છે ?’’

‘‘વળતર ને ! વળતર તો ખાતાં–પીતાં અમારો વે‘વાર સચવાઈ જાય એટલું ભગવાન દઈ રેય છે.’’

‘‘ તમને ખબર છે મેઘજીભગત ? ગૃહઉદ્યોગ માટે સરકાર જોઈએ તેટલી લોન આપે છે. તમારે લોન લેવી હોય તો આપવું.’’

‘‘મારે લોનને શું કરવી છે ? મારા બાપ કે’તા કે આખો ખાતા અડધો રોટલો ખવાય પણ સરકારી કરજ નો કરાય.’

‘‘એ તો બધી અભણ માણસોની માન્યતા છે. ધંધાનો વિકાસ કરવો હોય તો રૂપિયાની જરૂર પડે ને એ રૂપિયા સરકાર આપે જે છે.’’

‘‘ધંધાનો પથારો વધારીને મારે કયાં જવું ? આટલાં વાસણો બનાવું છું પણ માંડ ખપે છે. વધારે બનાવીને ફળિયામાં સંકડાશ કરવીને ?’’

‘‘તમે મારી વાત સમજતા નથી મેઘજીભાઈ !’’ ડી.કે. ભગતના ‘ભાઈ’ બની ગયા, ‘‘આ તમે હાથથી ચાકડો ફેરવો છો... અને બદલે મોટરવાળો ઈલેકિટ્રક ચાકડો મૂકી દેવાય. એની મેળે ચાકડો ફર્યા કરે એટલે સ્વાભાવિક જ વધારે વાસણો ઊતરે. ઓછી મહેનતે ઝાઝું કામ થાય સાભંળો : આ વાસણો બનાવવાની માટી તમે કયાંથી લાવો છો કેવી રીતે લાવો છો ?’’

‘‘માટી લેવા છેટું જવું પડે હો.’’ મેઘજીભગતે બગાસું ખાધું ને બોલ્યા : ‘‘ધૂળખાડો છેટો છે પણ વાંધો નથી આવતો. બે ગધેડા રાખું છું. બેય માથે છલકાં નાખીને જાઉં ને માટી ભરી આવું.’’

‘‘બિચારા મૂંગા જીવને હેરાન કરો છો ? એનાં કરતાં લોન દઈને એક નાનું ભાર–વાહન લઈ લેવાય. માટી લાવવામાંય ચાલે ને વાસણોનું ઉપ્તાદન વધે એણલે તે વાસણો વાહનમાં ભરીને દૂરનાં ગામડામાં અને શહેરમાં વેચવા લઈ જવાય.’’ ડી.કે.એ સલાહ આપી.

‘‘આ વાહન કંઈ એમ ને એમ તો નો હાલે ? એમાં બળતણ નાખવું પડેને ?’ મેઘજીભગત ડી.કે. સામે જોઈ રહ્યા : ‘‘સાંભળ્યું છે કે ઈ બવ મોઘું આવે છે ?’’

‘‘મોઘું હોય તોય શું ! માલ સાથે જકાત છે ને વાસણના ભાવ વધારી દેવાય.’’ ડી.કે.એ રસ્તો બતાવ્યો પણ મેઘજીભગતને તે ગમ્યું નહિ, ‘‘વાહન લઈને હાથે કરીને ભોંમાંથી ભાલા ઊભા કરવાને ? એના કરતાં મારા ગધેડા શું ખોટા છે ? કંઈ જરૂર પડે તંઈ માથે છંલકા નાખું ને માટી ભરી આવું. આવીને છૂટા મૂકી દઉં એટલે તેની મેળે પેટ ભરી આવે. કાંઈ ખરચો જ નંઈ.

‘‘તમે કંઈ સમજતા નથી ભગત.’’ ડી.કે. આગળ વાત કરે તેખ પહેલાં મેઘજીભગત બોલ્યા, પણ અવાજ બદલાઈ ગયો, ‘‘એલા ભાઈ, મને બધી ખબર પડે છે. હું કાંઈ અણસમજુ છોકરું છું ?’’(**ક્રમશઃ**)

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## અમરેલીના સપ્ત શિક્ષણ ઋષિઓએ સ્થાપેલું સંસ્કાર ધામ- રાજેન્દ્ર દવે

આઝાદી પહેલાં દશી રજવાડાના યુગમાં સૌરાષ્ટ્રમાં અમરેલી ગોંડલ એ બંને 'શિક્ષણતીર્થ' ગણાતા હતા. રાજાશાહીના એ વખતમાં અમરેલી વડોદરાના શિક્ષણપ્રેમી રાજવી સર સયાજીરાવ ગાયકવાડના શાસન હેઠળ હતું. તો ગોકુળિયા ગોંડલ પર સંસ્કૃતિસસર્જક મહારાજા ભગવતસિંહજીનું શાસન હતું. એ સમયે અમરેલીનું શિક્ષણ તો એટલું વખણાતું કે, અમરેલીમાં શિક્ષણ સંસ્કાર પામેલા વિદ્યાર્થીને ઉચ્ચશિક્ષણ માટે સૌરાષ્ટ્ર બહાર આપોઆપ અગ્રતા મળી જતી. અમરેલીમાં શિક્ષણ સંસ્કાર પામી અનેક માનવપુષ્પો ખીલી ઉઠયા, જેઓએ વિધ–વિધ ક્ષેત્ર નામના મેળવી અમરેલીનું નામ રોશન કર્યુ. અહીં ન શકયા. (૧) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અંગત તબીબ અને ગુજરાત રાજયના પ્રથમ મુખ્ય પ્રધાન ડો. જીવરાજ મહેતા, (૨) ગાંધીજી પાસેથી 'રાષ્ટ્રીય શાયર'નુ બિરુદ પામેલા કસુંબલ રંગના કવિ, સાહિત્યકાર, પત્રકાર ઝવેરચંદ મેઘાણી અને (૩) આજીવન રચનાત્મક કાર્યકર, લોકસેવક રતુભાઈ અદાણી. આઝાદી પછી અમરેલીમાં શિક્ષણનો આ અમૂલ્ય વારસો કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલમાં સચવાયેલો હતો. કેમ કે આ શાળામાં જે શિક્ષકો હતા તેમાંના મોટાભાગના શિક્ષકોનું ઘડતર ગાયકવાડી શાસનકાળમાં થયું હતું. વિવિધ વિષયોના એક–એકથી ચઢિયાતા શિક્ષકોએ કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલની મહામૂલી મૂડી હતી.શિક્ષક એ સમગ્ર સમાજનું ઘડતર



### ભાતીગળ સૌરાષ્ટ્ર

કરનાર મુખ્ય પરિબળ છે. દરેક માનવી પર તેના માતા, પિતા પછી સૌથી મોટું ઋણ શિક્ષકનું હોય છે. ધર્મ મૂલક અર્થ અને મોક્ષ મુલક કામ જીવવાનું વિજ્ઞાન શિખવાડે એ શિક્ષક. દરેક માનવીનો જન્મ તેના માતા–પિતાને આભારી હોય છે, પણ તેનું જીવન તો તેના શિક્ષકને આભારી હોય છે. દેશના ભવિષ્યની આશા અને સમૃદ્ધિ જેના પર અદલંબે છે એવા વિદ્યાર્થીને શિક્ષક જ આદર્શ નાગરિક બનાવવાની શકિત ધરાવે છે. આજથી ૭૫ વર્ષ પહેલાંની આ વાત છે. ઈ. ૧૯૪૭ના એપ્રિલ મહિનાની પહેલી તારીખ–રામનવમીનો પવિત્ર દિવસ હતો. ગુજરાતભરમાં વિદ્યાર્થીઓ દ્વારા આરંભાયેલું નવનિર્માણ આંદોલન સમાપ્ત થઈ ચૂકયું હતું. રાજકારણનો હાથો બની જે રીતે આ આંદોલનમાં વિદ્યાર્થીઓ જોડાયા હતા તેનાથી કેટલાક સાચા શિક્ષકોને દુઃખ થયું હતું. ઠેર ઠેર તોફાનો, શિક્ષણકાર્ય ઠપ્પ..., પરીક્ષાને બદલે સામુહિક રીતે વિદ્યાર્થીઓને ઉપલાં વર્ગમાં બઢતી. ગુજરાતના ઈતિહાસમાં આ બધું પ્રથમ વખત જ જોવા મળ્યું. આવા માહોલ વચ્ચે અમરેલીની કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના સાત શિક્ષકોની રામનવમીના દિવસે અમરેલીના લોહાણા વિદ્યાર્થી ભવનમાં બેઠક મળી. અમરેલીના બાળકોના સર્વાંગી વિકાસના હેતુને કેન્દ્રમાં રાખી આ બેઠકમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટની રચના કરવામાં આવી. માત્ર રૂપિયા ૩૭૫ની રોકડ મૂડી દ્વારા 'રૂપાયતન' સ્કૂલ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટીઓ જ પૈકીના એકના મકાનમાં કોઈ પણ પ્રકારના ભાડા કે વળતર વિના બાલમંદિર અને તે પછી ધોરણ–૧ના વર્ગનો પ્રારંભ થયો.

## બાળકોના બીજા માબાપ - ઓસડિયાં

### શિશુવંદના

**– ગિજુભાઈ ભરાડ**

બાળક શાળાએ હોય છે ત્યારે એને ઘરની યાદ સતાવતી હોય છેં સામે એની એ પણ અપેક્ષા રહે છે કે ઘરે પણ મને બધા યાદ કરતા હશે.

જયારે બાળક શાળે થી પાછું ખાવે છે ત્યારે જો તમે એની રાહ જોઈને દરવાજે ઉભા હો તો ત આનંદ–વિભોર બની જાય છે. કોયકવાર ઘરના બધા જ સભ્યો પોત પોતાના કામમાં એટલા મશગુલ હોય છે કે બાળક શાળાએથી આવે ત્યારે એને હર્ષથી આવકારવાનું આપણે ભુલી જઈએ

છીએ અને એ એમ જ જાણે કે કોઈ અજાણ્યાના ઘરમાં પ્રવેશી ગયા હોય એમ પોતાનુ ફતર મુકી બુટ કાઢી અને આમતેમ ‘કોઈનુ મારામાં ધ્યાન નથી’ ની ભાવના સાથે, પોતાના સ્વાગતની જિજ્ઞાસા સાથે ફાફા મારવા લાગે છે અને... એકાએક કોઈનુ ધ્યાન જાય છે... આપણે એમ માની લઈએ છીએ કે બાળક ઘરમાં આવી ગયું છે. શાળાએથી આવતા બાળકને એની ખાતરી થવી જોઈએ કે ઘરમા એની સતત પ્રતીક્ષા થાય છે. આ ભાવના જો બાળકમાં વિકસાવવામાં ન આવેડ તો આગળ જતાં એ ઘર મોડા આવવાની, એનાથી આગળ જતા રાત્રે મોડા આવવાની પક્રિયામાં પરિણમે છે. ઘર એ એવી જગ્યા છે જયાં એની પ્રતિક્ષણ પ્રતિક્ષા થાય છે એ ભાવનાનો છોડ બાલ્યવયે એના હદયમાં રોપાઈજવો જોઈએ.



**બાલમિત્રો,**

હમણાં રૂપાયતન પ્રા.શાળા તથા દીપક હાઈસ્કુલનાં બાળકોની પાંચ દિવસની નિવાસી સર્વાંગી તાલીમ શિબિર પુર્ણ થઈ જે બાળકો જોડાયા હતા. તેમને પુછજો કેવી મજા આવી તે કુલ ૪૫ બાળકો આવેલા સવારે ૫:૩૦ થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ભરચક કાર્યક્રમ રહેતો હતો. વચ્ચે બૌદ્ધિક વર્ગો, બપોર પછી જુદી જુદી સ્પર્ધાઓ રહેતી. પી.ટી. કોડ, ડ્રીલ, જુડો, વિગેરેની તાલીમ આપવામાં આવતી. ઘણાં ઘણા વિદ્વાન માણસો બાળકોને માનસિક અને બૌદ્ધિક જ્ઞાન આપવા આવેલા. એટલું જ નહિ સવારે જમીતો, બપોરે ભોજન, સાંજે નાસ્તો ને રાત્રે ભોજન, ખુબ આનંદથી જમેલા.

આ નિવાસી શિબિરનો હેતુ એ છે કે બાળક પોતાનાં પરિવારથી જુદું રહે થોડુ કામ પોતાનાં હાથે કરતાં શીખો જવાબધારી સમજે ભાઈચારો કેસવાય, બંધુત્વની ભાવના વિકસે, પરિચય થાય, શિક્ષકો સાથે, સમાજ સાથે અનુબંધ કહેવાય. આવાં બધાં યુવાનો વિકાસ એટલે રૂપાયંતનની નિવાસી તાલીમ શિબિર.

## આપણા હાથીભાઈ



**૧.** ઐરાવત : જે હાથીનું શરીર પાંડુર હોય, દાંત લાંબા અને ધોળા પુષ્પ જેવા હોય, રૂંવાડા ન હોય, થોડા થોડા ખાનાર, બળયુકત, મદટા કદના, નાના પણ પુષ્પલિંગવાળા, લડાઈમાં ક્રોધયુકત, અન્ય સાથે શાંત, થોડું પાણી પીનારા, પુષ્કળ મદને ઝરનારા, પૂછડે નાના વાળવાળા હોય તેવા હાથી ઐરાવત કુળના કહેવાય છે. **૨.** પુંડરીક : જેના શરીર કોમળ હોય, લમણાં ખરસટ હોય, મદઝરતા હોય, નિરંત ક્રોધમાંજ રહેતા સર્વભક્ષી બલયુકત,તીક્ષ્ણદાંતવાળા હાથીભાઈ પુંડરિક કુળના કહેવાય છે. ૩. વામન : જેનાં શરીર ઠીંગણા ખને ખરસટ હોય, કોઈ વખતે જ મદ ઝરે, ખોરાકને લઈને જ બળયુકત રહે, બહુ જળ નહિ પીનારા, લમણામાં ઘણાં રૂંવાડાંવાળા, દાંત કદરૂપા, કરૂપડા હોય તથા કાન અને પૂંછડું ટૂંકા હોય તો વામ વંશના સમજવા. **૪.** કુમુદ : જેનાં શરીર લાંબાં, સૂંઢ લાંબી અને પાતળી, દાંત ખરાવ, શરીર મળથી ભરેલા, બુહ વિશાળ લમણાવાળા તથા કલ્હપ્રિય હોય તે હાથી કુંમુદવંશના કહેવાય છે. **૫.** અંજન : જેના શરીર સ્નિગ્ધ હોય, જલની અભિલાષાવાળા, મોટા કદના દાંત તથા સૂંઢ પાતળી તથા નાની, શ્રમ વેઠી ન શકે તેવા હાથી અંજન વંશના કહેવાય છે. **૬.** પુષ્પદંત : જે હાથી નિરંતર વીર્ય અને મદઝરતા હોય. અનુપ્રદેશમાં જેનું જોર ફાવે, જે મોટા વેગવાળા તથા ટૂંકા પૂંછડાવાળા હોય તેને પુષ્પદંત કુળના સમજવા. **૭.** સાવભૌમ : લાંબા દાંતવાળા, ધમંરૂંવાળા ભટકવામાં થાકે નહિ, ખાનપાન વગેરેમાં અત્યંત આસકત નહિ એવા મરુપ્રદેશમાં ફરનારા, મોટા શરીરવાળા, કર્કશ અંગવાળા , દાંત મૂદુ અને ધોળા, વિષ્ટમૂત્ર ઓયછા કરતા હોય તેવા હાથી સર્વભૌમ કુળના કહેવાય છે. **૮.** સુપ્રતીક : જેની સૂંઢ લાંબી, અવયવો પ્રમાણ–સર, મોટા વેગવાળા, ક્રોધથી ભરેલા, સારું ખાનાર, હથણીઓના પ્રેમવાળા, પ્રવૃદ્ધ ગંડસ્થવાળા હોય તેને સુપ્રતીક કહે છે. આ આઠમાં સર્વભૌમ અને સુપ્રતીક હાથી માંથી મોતી ઉત્પત્ર થાય છે.

## સારા કામનો આનંદ

કમલેશ નામનો એક છોકરો આઠમા ધોરણમાં ભણતો હતો. ભણવામાં તે મધ્યમ હતો, પણ તોફાનમાં અને ચોરીમાં અવ્વલ.

કોઈ પણ વિદ્યાર્થીની કાંઈ પણ વસ્તુ ગઈ હોય તો કમલેશનું જ નામ આપે અને ખરેખર તેની પાસેથી ચોરાયેલ વસ્તુ મળે પણ ખરી ! રિસેસમાં પણ તેની કોઈ ને કોઈ વિદ્યાર્થી ફરિયાદ લઈને આવે જ !

આ શાળામાં માધવ નામનાં નવા સાહેબ આવ્યા. થોડા સમય સુધી તેમણે કમલેશના વર્તનનો અભ્યાસ કર્યો. સાહેબે મનોમન નકકી કર્યુ કે ‘કમલેશને મારે સુધારી દેવો છે અને એ પણ તેને ખબર ન પડે તે રીતે.’ આ માટે માધવ સાહેબે એક યુકિત વિચારી. એક દિવસ પિરિયડ પૂરો થાય પછી તે દસ રૂપિયાની નોટ ટેબલ ઉપર મૂકી ચાલ્યા ગયા. રિસેસના સમયે કમલેશે એ નોટ પોતાના ખિસ્સામાં કોઈ ન જુએ તેમ મૂકી દીધી. રિસેસ પછી પાછો માધવ સાહેબનો જ પિરિયડ હતો. માધવ સાહેબે કમલેશને ઉભો કર્યો અને કલાસ વચ્ચે કહ્યું કે, ‘‘મારી દસ રૂપિયાની નોટ ટેબલ ઉપર રહી ગઈ હતી, કમલેશ મને નોટ પાછી આપી દેવા કહ્યું કે કલાસરૂમમાં આપજે.’’ કચવાતા મને કમલેશને ઊભા થવું પડયું અને દસ રૂપિયાની નોટ પણ પાછી આપી.

માધવ સાહેબે કહ્યું કે, ‘‘ બધા છોકરાઓ તાળીઓ પાડી કમલેશનું સન્માન કરો.’’ બધા છોકરાઓએ તાળીઓથી કમલેશને વધાવી લીધો. કમલેશને ખરેખર પહેલી વખત બહું સારું લાગ્યું. બધાનો પ્રેમભાવ જોઈ તે ગદગદ થઈ ગયો. તેણે મનમાં વિચાર્યુ કે ‘જો હું સારું કામ કરું તો કેવો આનંદ મળે ? કેવું સન્માન થાય ?’

થોડા દિવસ પછી સાચે જે એક એવો પ્રસંગ બન્યો કે કમલેશને ખૂબ આનંદ થયો. વાત એમ બની કે કમલેશ ઘરેથી મહેશ સાથે સ્કૂલે જતો હતો. ત્યારે રામુકાકાની દુકાને નાસ્તો




લેવા રોકાયો. કમલેશે દસ રૂપિયાના બિસ્કિટ લીધાં અને પચાસ રૂપિયાની નોટ રામુકાકાને આપી. રામુકાકાએ તેને નેવું રૂપિયા પાછા આપ્યા.

કમલેશે રામુકાકાને કહ્યું કે, ‘આ લો નેવું રૂપિયા અને મને ચાલીસ રૂપિયા જ પાછા આપો. મેં તો પચાસ રૂપિયાની નોટ જ આપી હતી.’’ રામુકાકાને મનમાં એમ જ કે કમલેશે સો રૂપિયાની નોટ આપી છે. કમલેશની સચ્ચાઈથી તે ખૂબ જ પ્રભાવિત થયા અને કહ્યું કે, ‘‘મને તારા ઉપર ગર્વ છે. આ લે વધારાનું બિસ્કિટનું એક પેકેટ તને આપું છું.’’

‘‘ના... ના... મારાથી વધારાનું બિસ્કિટનું પેકેટ ન લેવાય. સાચું બોલવું એ મારો ધર્મ છે. માધવ સાહેબના કહેવા પ્રમાણે સાચા કામનો આનંદ જ અનેરો હોય છે.’’ બિસ્કિટનું પેકેટ પાછું આપતાં કમલેશ બોલ્યો. મહેશે જયારે શાળામાં કમલેશની પ્રમાણિકતાની વાત કરી ત્યારે બધાએ પ્રાર્થના સભામાં અભિનંદન આપ્યા અને તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધો.

પ્રાર્થના સભામાં ઊભા–ઊભા મહેશ વિચારી રહ્યો કે ‘ખરેખર સાચા કામનો આંનદ અનેરો હોય છે. હવેથી હું પણ કમલેશની જેમ કાયમી સારાં કામ જ કરીશ.’’તાળીઓના ગડગડાટમાં મહેશની નવી સોચ પણ બહુમાન પામી.

## મહાપ્રયાણ : ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૩૨

**૧૬ – પ્રીતિલતા વાદેદાર**
**જન્મ : ૫ મે, ૧૯૧૧**

ચટગાંવની યુરોપિયન કલબ પર બોમ્બ ફેંકનાર જાંબાઝ મહિલા ક્રાંતિકારી પ્રીતિલતા વાદેદાર બંગાળના ચટગાંવના વતની હતાં. તેમનો જન્મ ૫મી મે, ૧૯૧૧ના રોજ થયો હતો. તેઓ એક એવા પરિવારનાં પુત્રી હતાં કે જયાં દીકરીને શિક્ષણ આપવું એ સારું ન ગણાતું. આ કારણસર પ્રીતિલતાની શિક્ષણ બાબતે ઉપેક્ષા કરવામાં આવેલી. પરંતુ પ્રીતિલતા એમ હાર સ્વીકારે એમ નહોતાં. ભાઈઓને ભણાવવા ઘરે અધ્યાપક આવતા ત્યારે તેઓ એમને બેઠાં બેઠાં સાંભળ્યાં કરતાં. એક દિવસ અધ્યાપકને ખબર પડી કે પ્રીતિલતા તો વગર ભણાવ્યે એના ભાઈઓ કરતા વધારે હોશિયાર બની ગઈ છે. એમણે પ્રીતિલતાના પિતાને એ વાત કરી. પિતાને હવે દીકરીની કુશાગ્ર બુદ્ધિનું ભાન થયું. પ્રીતિલતાની ભણવાની વ્યવસ્થા કરવામાં આવી. જોતજોતામાં પ્રીતિલતા મેટ્રીક પાસ થઈ ગયાં. મેટ્રિક પાસ થયા પછી તેમણે ગ્રેજયુએશન કર્યુ. પછીથી તેઓ નંદનકાનન હાઈસ્કૂલનાં પ્રધાન પ્રાધ્યાપિક બની ગયાં. આ સમયગાળામાં જ ક્રાંતિકારીઓએ ચટગાંવમાં શસ્ત્રાગરનો ખાતમો બોલાવ્યો. બદલામાં અંગ્રેજ સરકારે ક્રાંતિકારીઓએ ગુજારવામાં કશું બાકી



ના રાખ્યું. આ જોઈને પ્રીતિલતાનું મન અંગ્રેજ સરકાર પ્રત્યે ઘૃણાથી ભરાઈ ગયું. તે ક્રાંતિકારી દળમાં જોડાઈને છૂપી રીતે તેમાં કામ કરવા માંડયા,પછીથી ઘર છોડીને ઈન્ડિયન રિપબ્લિક આર્મીના મહિલા સૌનિક બની ગયાં. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ કલઘાટમાં પોલીસ સાથેની અથડામણમાં પ્રીતિલતાના કે સાથીદારો નિર્મલ સેન અને અપૂર્વ સેન માર્યા ગયા. પ્રીતિલતા બચી ગયાં. પરંતુ સાથીદારોના મોતનું વેર એ ન ભૂલી શકયાં. આ ઘટનાના દસ દિવસ પછી એક રાતે પ્રીતિલતા બોમ્બ લઈને ક્રાંતિકારી દળ સાથે યુરોપિયન કલબ તરફ નીકળી પડયાં. રાતના સાડાદસ વાગ્યા હતા. કલબના ચાલીસ સભ્યો આનંદ–પ્રમોદમાં મસ્ત હતા. બરોબર આ સમયે કલબની એક ખુલ્લી બારીમાંથી પ્રીતિલતાએ બોમ્બ ફેંકયો. કલબની અંદર નાસભાગ મચી ગઈ. તરત જ પ્રીતિલતાએ બીજો બોમ્બ ફેંકયો. સાથે સાથે તેમના સાથીદારોએ ગોળીબાર પણ શરૂ કર્યો. વાતાવરણ ચીસો અને બૂમબરાડાથી ગાજી ઉઠયું. પરંતુ ક્રાંતિકારીઓને જોઈએ તેટલો સમય અને અનુકૂળતા ન મળી શકયાં. પોલીસને ખબર પડી એવી ત્યાં આવી પહોંચી. ક્રાંતિકારીઓ નાઠા. ઘાયલ લોકોને તાત્કાલીક દવાખાને પહોંચાડવામાં આવ્યા. તેમાં એક અંગ્રેજ મૃત્યુ પામ્યો હતો. આજુબાજુ તપાસ કરતાં કલબની બહાર પોલીસને એક મહિલાની લાશ મળી આવી, જેણે સૈનિકનો વેશ પહેર્યો હતો. આ લાશ પ્રીતિલતા વાદેદારની હતી. ષડયંત્રમાં મળેલી નિષ્ફળતાને કારણે અંતે તેમણે ૨૪ સપ્ટેમ્બર, ૧૯૩૨ સ્વયં જ પોતાનું જીવન ટૂંકાવી લીધું.




## વાર્તા : પહેલ કરે તે જીતે

મિત્રો, તમને કોઈ પૂછે કે અમેરિકા ખંડની શોધ કોણે કરી ? તો તરતજ તમે કહેવાના – કોલંબસે, તે કોલબંસના જીવનનો આ પ્રેરણાદાયી પ્રસંગ છે. કોઈબસસ સ્પેન દેશનો વતની હતો. તે એક ખલાસીનો પુત્ર હતો. અમેરિકાખંડ શોધીને પોતાને દેશ તે પાછો ફર્યો એટલે લોકોએ તેનું ભવ્ય સ્વાગત કર્યુ. સ્પેનના રાજાએ તેમના માનમાં એક પાર્ટીનું આયોજન કર્યુ.

રાજાના દરબારમાં દરબારીઓ બિરાજતા હતા. તેમને આ ન ગમ્યું. એક સાવ સામાન્ય ખલાસીના પુત્રનું રાજા દ્વારા સન્માન ? દરબારીઓને લાગ્યું વળી, એમને થયું કે અઆ કામ તો કોઈ પણ કરી શકે.

સમારંભમાં દરબારીઓ આ બાબતે ચર્ચા કરતા હતા. વારંવાર આવુ બોલતા હતા. : આ કંઈ મોટુ પરાક્રમ ન કહેવાય. આવું કામ તો કોઈ પણ કરી શકે. હું પણ એ એટલેન્ટિક મહાસાગરમાં નીકળી પડયો હતો. તો મેં એના પહેલા અમેરિકા ખંડ શોધી કાઢયો હતો. કોલંબસ આ બંધુ સાંભળ તો રહ્યો. રાજાએ કોલબંસને બે શબ્દો બોલવાને કહ્યું ત્યારે તેણે નમ્રભાવે રજૂઆત કરતાં કહ્યું, મિત્રોને વડીલો હું સૌ પ્રથમ તમારી સમક્ષ એક કોયડો મૂકવા માંગું છું તે પછી મારે કે કહેવું છે તે કહીશ.’ આમ કહી કોલંબસ ટેબલ પર એક ડીશમાં રહેલા બાફેલું ઈંડું હાથમાં લીધું ને લોકોને ઉદેશીને કહ્યું : ‘ : ા ઈંડાને ટેબલ પર ઊભુ ગોઠવવું છે. તમારામાંથી આ કાર્ય કોણ કરી બતાવશો ?

બધાએ વારાફરતી પ્રયત્ન કર્યો પરંતુ ઈંડુ ઊભું ન રહી શકયું. છેવટે દરબારીઓએ કોલંબસને તેમ કરી બતાવવા પડકાર ફેંકયો. કોલંબસે ઈંડું હાથમાં લીધું. બીજા હાથમાં લીધું. બીજા હાથમાં છરી લીધી. ઈંડાનો નીચેનો થોડો ભાગ છરી વડે કાપી સપાટી સમતલ કરી. પછી ઈંડું ગોઠવ્યું. ઈંડું ઊભું રહી ગયું.

આ જોઈ કેટલાક ઈર્ષ્યાળુ દરબારીઓ બોલી ઊઠયા, આ તો બહુ સહેલું કામ છે આ તો મનેય આવડે છે.’

ને તરત કોલંબસ બોલી ઊઠયો, ‘દોસ્તો, સંસારમાં કોઈ કામ પ્રથમ કઠીન હોય છે. એ કામ કોઈ કરી બતાવે પછી એ સહેલું થઈ જાય છે. અગત્યની વાત એ છે કે કામ પહેલું કોણ કરે છે. તે એટલેન્ટિક મહાસાગર તરફ જવાની હિંમત ઘણાએ મારા પહેલાં કરી હતી પરંતુ તેઓ વચ્ચેથી ગભરાઈને પાછા ફર્યા હતા. પરંતુ હું એમાંનો ન હતો. તેથી હું છેક પહોંચી શકયો બાકી મને પણ તમારી જેમ વાતો કરતાં આવડે છે. ’’ બધા દરબારીઓ શરમના માર્યા આ બધું સાંભળી રહ્યા કોલંબસ જેવો કોક વિરલા જ કામની પહેલ કરે છે ને સફળતા મેળવે છે.

યા હોમ કરીને પડે છે
આગે એને વરે છે સફળતા
અધવચ્ચેથી પાછા
ફરનારને લમણે લખાય નિષ્ફળતા –

**મોકલનાર : નટવર પટેલ**

# જાપાની વૈજ્ઞાનિક તકાકિ કાજિતા

તકાકિ કાજિતા જ. ૯ માર્ચ ૧૯૫૯) ભૌતિક વૈજ્ઞાની છે. ન્યુટ્રિનો નામનાંમૂળભૂત કણોના એક નવા જ પ્રકારનાં ગુણધર્મની શોધ માટે તેમને ૨૦૧૫નું ભૌતિકવિજ્ઞાનનું નોબેલ પારિતોષિક એનાયત થયેલ છે. આ પારિતોષિક તેમને કેનેડાના ભૌતિક વૈજ્ઞાની આર્થર બી.મેકડોનાલ્ડ સાથે સંયુકત રીતે મળ્યું હતું. આ બંને વૈજ્ઞાનિકોએ ‘ન્યુટિનો નામના મૂળ ભુત કણો, કે જે લાંબા સમયથી વજનવિહીન ગણવામાં આવતા હતા તેને વજન હોવું જોઈએ. અશૂન્ય દ્રવ્યમાં ધરાવતાં, વિદ્યુતભાર વિહીન ન્યુટ્રિનો નામનાં મૂળભૂત કણની શોધ ૧૯૩૦માં થઈ હતી. વુલ્ફગેંગ



પાઉલીએ કણોની પરીકલ્પના કરી હતી જયારે એનરિકો ફર્મીએ ૧૯૩૩ તેના વિશેનો મૂળભૂત સિદ્ધાંતો આપ્યો હતો ૧૯૯૮માં તકાકિ કાજિતાએ પૂરવાર કર્યુ કે ન્યુટ્રિનો વાતાવરણમાં ગતિ કરતી વખતે પોતાની ઓળખ બદલે છે. ત્યારબાદ ૨૦૦૧માં આર્થર બી.મેકડોનાલ્ડે પર સાબિત કર્યુ કે સૂર્યમાંથી આવતા ન્યુટ્રિનો અવકાશમાં ગતિ કરતા કરતા અદ્રશ્ય નથી થઈ જતા, પણ માત્ર વેશ પલટો કરે છે.

# જાપાની વૈજ્ઞાનિક જાનની અમ્મલ એદાવલાથ કકકટ

જાનની અમ્મલ એદાવલાથ કકકટ (૪ નવેમ્બર ૧૮૯૭–૭ ફેબ્રુઆરી ૧૯૮૪) એ ભારતના પ્રથમ મહિલા વનસ્પતીશાસ્ત્રી હતા. કે જેમણે સાઈટોજીનેટિકસ અને ફાઈટોજીએગ્રાફીમાં વૈજ્ઞાનિકો સંશોધન હાથ ધર્યુ હતું. તેમના સૌથી નોંધપાત્ર કામમાં શેરડી રંગ શામેલ છે. તેમણે કેરળના વરસાદી જંગલોમાંથી ઔષધીય અને આર્થિક મૂલ્યના વિવિધ મૂલ્યવાન છોડ એકત્રિત કર્યા છે. ભારતના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ભારતીય નેતાઓ ભારતને સક્ષમ અને આત્મનિર્ભર દેશ બનાવવા ઈચ્છતા હતા. પંડિત મદન મોહનમાલવિયાએ તેથી જ જાનકી અમ્મલનો સંપર્ક કર્યો અને તેઓ શેરડીની મીઠી બનાવવાની કામગીરીમાં જોડાયા. તેમનસ સાથે જ્ઞાતીય અને



લૈંગિક ભેદભાવો થતા હોવા છતા પણ તેઓઓ કોઈમ્બતૂરમાં સંશોધન સંસ્થા માટે કાર્ય કર્યુ અને ત્યારબાદ તેમણે મીઠી અને ભારત માટે અનુકુળ શેરડીનું નિર્માણ કર્યુ. ત્યાં સુધી આ પ્રકારની શેરડી ઈન્ડોનેશિયાથી આયાત કરવામાં આવતી હતી. તેઓ એ ભારતનાં ખેડૂતોને પાક ઉગાડવાનો સમય અને શ્રેય જાળવણીની શિક્ષા આપી તેઓએ ત્યારબાદ ઔષધીય મૂલ્ય ધરાવતા કેટલા છોડને એકત્ર કર્યા અને તે સિવાય પણ તેઓએ કેટલાય છોડમાં રંગસૂત્રને સંબંધિત ફેરફાર કર્યા. – મોકલનાર : નરેશ આશર ‘નિર્મલ ’

# બુધ ગ્રહ વિશે અવનવું

બુધ સૂર્યમંડળના આઠ ગ્રહોમાં સૂર્યની સૌથી નજીકનો અને સૌથી નાનો ગ્રહ છે. તેનો આવર્તકાળ ૮૮ દિવસ (પૃથ્વીના) જેટલો છે એટલે તે સૂર્યની ફરતે ૮૮ દિવસમાં એક પરિભ્રમણ પૂર્ણ કરે છે. પૃથ્વી પરથી જોતા, પોતાની કક્ષાની આસપાસ લગભગ ૧૧૬ દિવસ જેટલો સમય લાગે છે. જે બીજા કોઈપણ ગ્રહ કરતા ઘણો વધારે ઝડપી છે. આ અતિ ઝડપી ગતિના લીધે, ખુબ ઝડપથી ઉડતા દેવતાઓ ના સંદેકશાવાહક રોમન દેવતા બુધના નામ પરથી આ ગ્રહનું નામ બુધ રાખવામાં આવ્યું. ગરમી પ્રતીધારીત (જાળવી) રાખવા માટે આ બુધ ગ્રહ પર વાતાવરણ ન હોવાથી બુધ ગ્રહની સપાટી તાપમાનનો ખૂબ જ ફોટો ફેરફાર અનુભવે છે. વિષવવૃતિય પ્રદેશોમાં રાત્રે તાપમાન ૧૦૦




કેલ્વીન – ૧૭૩ સેલ્સિયસ, –૨૮૦ ફેરનહીટ) થી લઈને દિવસે ૭૦૦ કેલ્વીન (૪૨૭ સેલ્સીયસ, ૮૦૦ ફેરનહીટ) સુધી હોય છે. ધ્રુવોનું તાપમાન સતત ૧૮૦ કેલ્વીન (–૯૩ સેસ્યિસ, – ૧૩.૬ ફેરનહીટ) કરતા નીચુ હોય છે. બુધની અક્ષોનો ઝુકાવ માત્ર એક અંકના ૩૦માં ભાગ જેટલો (૧/૩૦ અંશ) છે જે સૂર્ય મંડળના કોઈપણ ગ્રહ કરતા સૌથી નાનો ઝુકાવ છે., પણ તેની ભ્રમણ કક્ષાની ઉત્કેન્દ્રતા સૌથી મોટી છે.પોતાની કક્ષાના ઉચ્ચબિંદુ (કક્ષામાં સૂર્યથી સૌથી દૂરનું અંતર) પાસે તે કક્ષામાં સૂર્ય પાસેના ન્યુનતમ અંતર કરતા ૧.૫ ગણો વધારે દૂર હોય છે. બુધની સપાટી ખુબ જ ખાડાઓ વાળી છે અને દેખાવે ચંદ્રને મળતી આવે છે. જે સૂચવે છે કે તો ભૌગોલિક રીતે અબજો વર્ષોથી નિષ્ક્રિય છે. – **ઓજસ પટેલ**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧ જયાં સુધી પાપનો ક્ષય ન થાય અને જીવ શુદ્ધ ન થાય,ત્યાં સુધી પ્રભુદર્શન થતાં નથી.

૨ ગૃહસ્થાશ્રમ ભકિતમાં બાધક નથી પણ સાધક છે.

૩ રોજ ત્રણ કલાક નિયમપૂર્વક મારી સેવા સ્મરણ કરશો તો તમને પાપ કરતાં હું અટકાવીશ. એ પ્રભુનું વચન છે.

૪ પાપ કરતાં મનને ખટકો લાગે તો સમજવું કે પ્રભુની સાધારણ કૃપા થય છે. પાપની મા છે મમતા અને બાપ છે લોભ. તેનો ત્યાગ કરજો.

૫ કોયપણ કાર્ય માટે બુદ્ધિ અને શકિત ઈશ્વરની આરાધના કર્યા વગર મળ તા નથી.

૬ સંતતિ અને સંપતિ દરેકને પુર્વના પ્રારબ્ધકર્મ અનુસાર મળે છે. તેથી તેમાં મનુષ્યે હર્ષ શોક કરવો નહીં.

૭ અનાસકિત કેળવવી જોઈએ.

૮ આખા જગતને કોઈ રાજી કરી શકયું નથી.

૯ પુણ્ય ભૂલી જાઓ પરંતુ કરેલા પાપને યાદ રાખો.

૧૦ કરેલા સત્કર્મો–પુણ્યો કોઈને કહેશો નહીં.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧ સમ્રાટ અશોકે કેટલા મુખ્ય શિલાલેખો કોતરાવ્યા હતા?–૧૨

૨ મહાકાય કયા ધમનો ગ્રથ છે? – બૌધ

૩ ‘ત્રણ સમુદ્રોનાં પાણી પીનાર’ તરીકે જાણીતો રાજા કોણ હતો ? – ગૌતમીપુત્ર

૪ ભારતમા ખ્રિસ્તી ધમનો સૌપ્રથમ પ્રચાર કરનાર ખ્રિસ્તી સંત કોણ હતા? – સંતટોમસ

૫ ‘મિલિનદ પહનો’ નામે ગ્રંથ કયા રાજા અને બૌદ્ર સાધુ વચ્ચેની ધમ ચચાને સ્પશે છે? – મિનેન્દર–નાગસેન

૬ ‘બુધ્ધચરિત’ ના રચયિતા કોણ છે ? – આશ્વધોષ

૭ ‘ચરકસંહિતા’ કઈ વિદ્યાનો ગ્રંથ છે? – આયુવેદ

૮ પતંજલીએ કયાં ગ્રંથની રચના કરેલી છે? – મહાભાષ્ય

૯ વિક્રમસંવતની શરૂઆત કયારથી થઈ ? – ઈ.સ. પૂર્વ ૫૬

૧૦ કયાં રાજાને 'બીજો અશોક' કહે છે ? – કનિષ્ક પહેલો

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## મહિમા વધારે તે મહેમાન !

કહેવત છે – 'મે, મેમાન ને માછલી, બીજે દિ'થી ગંધાય !' મહેમાન કલાકાર જેવા હોય છે. કેટલાક દિવ્ય આત્મા સાચા અર્થમાં 'અતિથિ' હોય છે, ગમે ત્યારે ટપકી પડે ! કેટલાક મહેમાન ' માથે પડેલા મુરતિયા' જેવા હોય છે, જે વિદાય થાય ત્યારે ઘરના સભ્યો (ખાસ કરીને મહિલાઓ..) 'હાશકારો' અનુભવે છે. જયારે કેટલાક મહેમાન એવા હોય છે, જેમના આગમનથી આનંદનાં ફુવારા ઉડે ને તેમની વિદાયથી ખાલીપાનાં વાદળ ઘેરાય !

કાઠિયાવાડમાં ઘરે મહેમાન આવે, તેને 'ચડતી કળા' ગણવાનો જુનો રિવાજ છે, કાળઝાળ મોંઘવારીમાં પણ !

## માતા પિતાને દાદાજીની સોનેરી શિખામણ

દાદા ગિજુભાઈએ પ્રવચન શરૂ કરતાં કહ્યું : ‘મારા દેશની ઉજજવળ આવતી કાલના ફૂલડાંના માળીઓ. સાંભળો, ધ્યાનથી મારી વાત અને તેને બરાબર મનમાં ઉતારજો. આપણે વહુઓ, દીકરાઓ બાળક હસે ત્યારથી જ તેને ભણતર આપવું જોઈએ. તે માણસ બને તેના શ્રીગણેશ કરવા જોઈએ. તેનું હદય કોમળ, દયાળુ બને તેનું ધ્યાન રાખવું જોઈએ. તે સ્વપ્નાં




આજે પશ્ચિમી રંગથી રંગાઈ ગયાં છીએ. બાળકોની મૌલીકતાને મારી નાખી છે અને તેનો સર્વાગી વિકાસ અટકી ગયો છે. વિશ્વમાં સાંભળવા. ગાવા મળે છે ? અથવા ગાઈ શકાય છે ? તો મારાં વ્હાલાં ભાઈ–બહેનો, દેખાવ કે દંભ કરવામાં આનંદ નથી આવતો, જેટલો ગુજરાતી ભાષામાં લહેકાથી બોલવામાં આવે. આ તો મૌલિકતા તો માતૃભાષા ગુજરાતીથી જ ખીલે. તમે બાળકોની વાર્તા વાંચો, બાળ પુસ્તકો ખરીદો અને તમારા બાલુડાને મૌલિક બનાવો, તેનો વિકાસ માતૃભાષાથી કરો. પહેલાં તમે જાગો અને પછી તમારાં બાળ કોને જગાડો !

**નર્મદા ‘બા’ની શીખ...**

એક હતાં નર્મદાબા. નર્મદાબા એકાદ ચોપડી ભણ્યાં હશે. પણ, ભણતર પ્રત્યે તેમને ભારે પ્રેમ હતો. આપમેળે છાપું વાંચતાં શીખી ગયેલાં. પોતાની વહુઓને પાસે બેસાડી વાતો કરતાં કહેતાં હતાં : ‘મારી જોતા થાય અથવા તેને કંઈક બનવાની ઈચ્છા હોય. તેણે જગાવવાનું શિક્ષાણ આપવું જોઈએ. તેની કાલીઘેલી વાણી સાંભળવી પછી કેળવણી. આપણું બાળક સંકલ્પ કરતાં શીખે તે જરૂરી છે. તેમનામાં સંસ્કાર, ગુણ, સદવિચારો દઢીકરણ પામવા જોઈએ. તે પ્રામાણિક બને તે ખૂબ જ આવશયક છે. તેની જરૂરિયાત પ્રમાણે ઘડતર થાય. તે ધ્યાન રાખજો. તે શાંતિથી જમે, ઊંઘે, રમે તે પ્રમાણે તમારે સાવધાની રાખવાની છે. નાનપણથી જ મહેનત કરવાની તમન્ના જગાડજો. બધાં પ્રત્યે સમભાવ રાખે તેવું શીખવો. તમે તેના કુંભાર બની ઘડતર કરજો. તેને હક શું છે ? ફરજ શું છે બંનેનો તફાવત શિખડાવજો. ઘરકામથી તેને વ્યવહારુ બનાવજો. ખાસ તો મારી વહુઓ, મારા દીકરાઓ બાળકોમાં ચારિત્રયનું નિર્માણ કરજો હો ? હવે, હું થાકી ગઈ છું. હું સૂઈ જાઉં. તમે બધાં પણ સૂઈ જાઓ.

# ...તો મોટો અનર્થ થઈ જશે !

એક માણસે શ્રીરામકૃષ્ણ પરહંસને પૂછયું :

‘ઠાકુર, સંસારમાં રહીને ભગવાનની ભકિત થઈ શકે કે ?’

શ્રી રામકુષ્ણ પરહંસે જરા હસીને જવાબ આપ્યો :

‘અમારા ગામમાં ચોખાના પૌંઆ બનાવી વેચનારી બાઈ એક હાથે બાળકને ખોળામાં લઈ ધવરાવે છે ને વચમાં કોઈ ઘરાક આવે તો તેની સાથે એણે લીધેલા માલનો હિસાબ પતાવતી જાય છે કે, તમારી પાસે આટલા પૈસા આગળના બાકી છે આજના આટલા પૈસા થયા વગેરે.

‘આ પ્રમાણે આટલાં બધાં કામ એકી વખતે કરતી જાય છે, છતાં તેનું મન તો ખાંડણિયામાં પડતા સાંબેલા ઉપર જ હોય છે, કેમકે તેને પૂરી ખબર છે કે જો સાંબેલું હાથ ઉપર પડશે તો આખી જિંદગી સુધી હાથ નકામો થઈ જશે.

‘આ બાઈની જેમ તમે પણ સંસારમાં રહીને કામ કરો, પણ મન તો ભગવાનમાં જ રાખો. તેને છોડશો તો બધો અનર્થ થઈ જશે !

ધર્મ–સાર

મુનિશ્રી ભુવનચંદ્રજી (‘ સમણસુતં’માંથી)

તું તારા માટે જે ઈચ્છે છે, તેવું બીજા માટે પણ ન ઈચ્છે જ, તારા પોતાને માટે જે નથી ઈચ્છતો, તેવું બીજાને માટે પણ ન ઈચ્છતો.

રાગ અને દ્વેશ આપણું




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

જેટલું બુરું કરે છે, એટલું તો બળવાન શત્રુ પણ નથી કરી શકતો. એ બે જ આપણને અન્ય પાપોમાં દોરી જાય છે. બહારની લડાઈથી શું વળશે ? લડવાનું તો પોતાની જાત સાથે જ છે. જે જાતને જીતે છે તે જ સાચું સુખ પામે છે. ક્રોધ પ્રેમનો નાશ કરે છે, માયા મૈત્રીનો, પણ લોભ તો સર્વનો નાશ કરે છે. કામથી ક્રોધનો હણો, નમ્રતાથી અભિમાનને જીતો, અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.

નિધકામભાવે દાન આપનાર અને નિષ્કામભાવે દાન લેનાર બંને આ જગતમાં દુર્લભ છે.

જે તપની સાથે જ્ઞાન નથી, તે તપ કેવળ ભૂખમરો ગણાય.

ઉપવાસોથી અજ્ઞાનીને જેટલી શુદ્ધિ થાય, તેનાથી ઘણી વધારે શુદ્ધિ રોજ જનમનાર જ્ઞાનીને થાય છે. સુખી સ્થિતિમાં મેળવેલું જ્ઞાન, દુઃખની સ્થિતિમાં નકામું થઈ જાય છે. માટે સાધકે પોતાની શકિત અનુસાર કષ્ટ અપનાવીને જાતને કેળવવી.

પાણી વગર અનાજ પાકતું નથી, તેમ વિનય વગરની વિદ્યા ફળતી નથી.

પાઠ કરવો, શીખેલું ફરી યાદ કરી જવું, પ્રશ્ન કરવા, વિચારવું અને અન્યને સમજાવવું : વાચના, પરિવર્તના, પ્રુચ્છના, અનુપ્રેક્ષા અને ધર્મકથા : આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય તે તપ છે. સ્વાધ્યાય સમાન અન્ય કોઈ તપ છે નહિ.

# ગમતાં ગાઓ ગીત

**ગીત : નિરજ મહેતા**

નાની–નાની હથેળીઓ ને નાનકડી છે વેંત
તોયે દરિયા જેવું સૌને હેત્વી કરતે હેત
નાનકડી આંખોમાં કેવું ઊભરી આવે વ્હાલ
થઈ જાતાં સાઉં ન્યાલ જોઈને નાના–નાના ગાલ
ભગવાને આપી છે કેવી પ્યારી–પ્યારી ભેટ
હોઠ ગુલાબી ફૂલડા જેવા ધીમું–ધીમું મરકે
ચાલતાં તો ના ફાવે પણ ઊંધી થઈને સરકે
નખરાએના જોઈ હાસતમા સૌ પકડીને પેટ

**ગીત : જી જોબનપુત્રા**

પોચાં પોચાં વાદળામાં લેટી પડુ,
આખાયે આભલાને ભેટી પડુ.
લીલાં લીલાં પાંદડામાં લેટી પડ,
એક એક ઝાડવાને ભેટી પડુ.
રેતીના ઢગલામાં લેટી પડુ
કલકલતાં ઝરણાને ભેટી પડુ .
ગોરજની ડમરીમાં લેટી પડુ,
ભોળી ભોળી ગાવડીને ભેટી પડું.
માવડીના ખોળામાં લેટી પડું,
વ્હાલા વ્હલા ભાઈલાને લેટી પડું.

# પ્રવાસ : ચિત્રકોટનો ધોધ

ભારચત દેશના મધ્ય ભાગમાં આવેલા છતીસગઢ રાજયના બસ્તર જિલ્લાના મુખ્ય મથક જગદાલપુર શહેરથી ૩૯ કિમી. જેટલા અંતરે ઈન્દ્રાવતી નદી પર ચિત્રકોટનો ધોધ આવેલો છે. સમીક્ષકોએ આ ધોધને આંનદ અને આંતકના મેળાપ તરીકે ઓળખાવ્યો છે. ૯૬ ફુટ (૨૯ મીટર) ઊંચાઈએથી ઉપરથી નીચે ઈન્દ્રાવતી નદીની ઓજસમય ધારા ગર્જના કરતી પડે છે. એના ધોધમાં ઈન્દ્રધનુષાનું મનોરમ દ્રશ્ય, આહલાદક લાગે છે. આ બસ્તર વિસ્તારનો સૌથી મુખ્ય જળપ્રપાત માનવામાં આવે છે. જગદલપુર



શહેરથી નજીકના અંતરે આવેલું હોવાના કારણે આ સ્થળ એક મહત્વના જોવાલાયક સ્થળ અને ઊજાણી મથકના રુપમાં પણ પ્રસિદિધ પ્રાપ્ત કરી ચુકયુ છે એના ઘોડાની નાળ સમાનમુખ હોવાને કારણે આ જળ પ્રપાતને ભારતનો નાયગ્રાધોધ પણ કહેવામાં આવે છે. – **અર્ચિતા જે. જોષી**

# આ મારું ચિત્ર છે



પડાયા ઝરણા ગિરીશભાઈ
(ધોરણ–૮, બી.– પી.એન.વોરા વિદ્યાનિકેતન પ્રાથમિક શાળા)



શેખવા હાર્દિપ મુકેશભાઈ
(ધોરણ–૬– પી.એન.વોરા પ્રા.શાળા–અમરેલી)



મંડોરા શિવાની મનોજભાઈ
(ધોરણ–૮,બી.– શ્રીમતી પી.એન.વોરા )વિદ્યીનકેતન રૂપાયતન અમરેલી)

# અમરેલી ખાતે રમતનાં મેદાનથી મતદાન જાગૃત્તિનો સંદેશ










લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લામાં વધુમાં વધુ માત્રામાં મતદાન થાય તેના માટે ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. મતદાતા જાગૃત્તિ કાર્યક્રમ અન્વયે ગુરૂવારે સાંજે અમરેલી સ્થિત સિનિયર સિટીઝન્સ પાર્ક ખાતે ભારતના ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલા જનરલ ઓબ્ઝર્વર એમ.કે. દ્રાબુ અને અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અજયકુમાર દહિયા અને ખર્ચ તેમજ ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) નોડલ અધિકારી પરિમલ પંડયાની પ્રેરક ઉપસ્થિતિમાં કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કબડ્ડી ટુર્નામેન્ટમાં ભાગ લેનારા ખેલાડીઓએ મતદાન જાગૃત્તિનો સંદેશ પ્રસરાવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મતદાન જાગૃત્તિ અર્થે તૈયાર કરવામાં આવેલી કોલર ટયૂનનું જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના હસ્તે લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. આ કોલર ટયૂન જિલ્લા ચૂંટણી–વહીવટી તંત્રના જિયો મોબાઈલ ધારક અધિકારીઓ અને કર્મચારીઓના મોબાઈલમાં વાગશે. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયાએ કહ્યુ કે, મતદાન જાગૃત્તિ અર્થે સ્વીપ અને ટી.આઈ.પી. અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જિલ્લાના ૧૨ લાખ જેટલા નાગરિકો સુધી મતદાન જાગૃત્તિનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો છે. રમતના માધ્યમથી મતદાન જાગૃત્તિનો આ નવતર પ્રયોગ છે. મતદાનના દિવસે જિલ્લાના તમામ મતદાન મથકો પર પીવાનું ઠંડુ પાણી, ગરમીથી બચવા છાંયડો આપે તેવા શેડ, દિવ્યાંગ મતદારો માટે વ્હીલચેર, મતદાન મથકો પર સહાયકો, મહિલાઓ અને વરિષ્ઠ મતદારો માટે કતાર વ્યવસ્થાપન વગેરે આવશ્યક સેવાઓ ઉપલબ્ધ રહેશે. દિવ્યાંગો માટે સક્ષમ એપ પરથી વ્હીલચેર બુક કરાવી શકાય છે અને સાથે સાથે તેમના માટે પરિવહનની સુવિધા પણ મેળવી શકાય છે. તેમણે ઉમેર્યુ કે, જિલ્લામાં ચૂંટણીલક્ષી કોઈ પણ ફરિયાદ હોય તો ૧૯૫૦ નંબર પર ફોન કરી અને કંટ્રોલ રૂમને જાણ કરી શકાય છે. યુવાનો ટેકનોલોજીના માધ્યથી C-VIGIL એપ પરથી ફોટો અને વીડિયો અપલોડ કરી અને ફરિયાદ કરી શકે છે. આ અંગેની રજૂઆતો માટે ચૂંટણીપંચ દ્વારા નિમવામાં આવેલા નિરીક્ષકોનો અમરેલી સ્થિત સર્કિટ હાઉસ પર રૂબરૂ સંપર્ક કરી શકાય છે. ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અને ખર્ચ નોડલ તેમજ અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ કહ્યુ કે, જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોને મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. તેના માધ્યમથી મતદાન જાગૃત્તિ સંદેશ પ્રસરાવવામાં આવી રહ્યો છે. આગામી તા.૭ મે, ૨૦૨૪ ને મંગળવારના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે સંકલ્પબદ્ધ થઈએ. કબડ્ડી ટુર્નામેન્ટમાં ભાઈઓની ૦૬ અને બહેનોની ૯ ટીમે ભાગ લીધો હતો. જેમાં અમરેલી પોલીસ હેડકવાર્ટર, કલાપી અમરેલી, રાધે અમરેલી, જાફરાબાદ, બાબરા અને લાઠીની ટીમોનો સમાવેશ થાય છે. જયારે બહેનોની ૩ ટીમમાં બાબરા, જાફરબાદ અને અમરેલીની ટીમનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર ગોહિલ, અમરેલી વડીયા અને કુંકાવાવ પ્રાંત અધિકારી નાકીયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોટક, સ્વીપ નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ, વિવિધ ટીમના ખેલાડીઓ અને અમરેલીના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.


## સંકુલ PG & પ્રોફેશનલ કોલેજ ફી 24-25

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| M.Sc. કોલેજ MB-BT | ૨૦૦૦૦ | B.Pharm કોલેજ | ૩૦૦૦૦ |
| PG-DMLT કોલેજ | ૨૦૦૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| B.Ed. કોલેજ | ૨૦૦૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| MBA કોલેજ | ૨૨૫૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |
| MCA કોલેજ | ૨૨૫૦૦ | ધો. ૧ થી ૧૦ CBSE | પ્રોસેસ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad015


## જાહેર નોટિસ

–// સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી//–

અરજદાર :– શ્રી દક્ષાબેન શિવશંકર ઠાકર — અપીલ રજી નં. ૬૪/૨૦૨૪
રહે. ખાખરીયા, વા/ઓ હરકિશનભાઈ કાંતિલાલ જોષી
મુ. ખાખરીયા, તા. બાબરા, જિ. અમરેલી.

// વિરૂધ્ધ //

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
–વ–
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી
મુ. અમરેલી, તા.જિ. અમરેલી

–:: સાહેદ સમન્સ ::–

આ કામના સામાવાળાને આ સાહેદ સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર દક્ષાબેન શિવશંકર ઠાકરની જન્મ નોંધ માટે અત્રેની કોર્ટમાં જન્મ–મરણ અધિનિયમની–૧૯૬૯ ની કલમ–૧૩ ની પેટા કલમ–૩ હેઠળ અરજી દાખલ કરેલ. જે કામથી તેઓને સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, જન્મ–મરણ રજીસ્ટરમાં તેમનું નામ છે કે નહી તે ખાત્રી કરવા અસલ રજીસ્ટર તથા જવાબ સાથે મુદતે તા. ૨૧/૦૬/૨૦૨૪ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે હાજર રહેશો. આ ઉપરથી તમોને કરવામાં આવે છે કે, જો વ્યાજબી કારણ વગર સદરહું વખતે અને મુકામે હાજર થવાની ગફલત કરશો અથવા તેમ કરવાની ના કહેશો તો તમને હાજર થવાની ફરજ પાડવા સારૂ વોરંટ કાઢવામાં આવશે.

આજ તા.૧૪/૦૪/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૨૨૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૦૫ |
| ૩ | શીંગદાણા | ૧૬૨૬ | ૧૬૩૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૪૯૦ | ૧૫૭૧ |
| ૫ | તલ સફેદ | ૧૦૪૦ | ૨૭૫૩ |
| ૬ | તલ કાળા | ૨૧૦૦ | ૨૮૬૮ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૩૦૩૦ |
| ૮ | બાજરો | ૩૪૬ | ૪૯૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૭૨૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૨ | ૬૩૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૧ | ૫૭૮ |
| ૧૨ | મકાઈ | ૪૪૨ | ૪૪૨ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૨૧૨ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૧૧ | ૧૩૨૦ |
| ૧૫ | તુવેર | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ૧૬ | કપાસ | ૯૭૦ | ૧૪૮૯ |
| ૧૭ | એરંડા | ૯૬૦ | ૧૦૫૯ |
| ૧૮ | જીરૂ | ૧૭૦૦ | ૩૮૦૦ |
| ૧૯ | રાયડો | ૮૦૦ | ૯૬૫ |
| ૨૦ | રાય | ૧૦૦૦ | ૧૧૧૫ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૮૦૫ |
| ૨૨ | ધાણી | ૧૧૫૦ | ૨૧૦૦ |
| ૨૩ | મેથી | ૬૫૦ | ૧૦૦૩ |
| ૨૪ | સોયાબીન | ૮૧૮ | ૮૩૨ |
| ૨૫ | મરચા લાંબા | ૬૨૦ | ૩૭૫૦ |
| ૨૬ | વરીયાળી | ૧૦૫૫ | ૧૫૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## રાજુલામાં વિવિધ ગુન્હાઓ કરનાર

અસામાજીક પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા દિપક ઉર્ફે દીપ ભરતભાઈ ધાખડાને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, સુરત ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અંતે ઘીનાં ઠામમાં ઘી પડયું

વિગત અનુસાર બગસરા નગરપાલિકાના પ્રમુખ પતિ એ.વી. રીબડીયા દ્વારા ભાજપના એક સામાજિક કાર્યક્રમમાં મંચ ઉપરથી સથવારા સમાજના ઉપપ્રમુખ દિનેશભાઈ હડિયલને ઉતારી અપમાન કરેલ. આ બાબતમાં સથવારા સમાજે મતદાનના બહિષ્કારનો નિર્ણય લેતા તેમજ શહેરની અન્ય સામાજિક સંસ્થાઓનો પણ ટેકો મળતા મામલો વધુ વેગ પકડે તે પહેલા ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા રાત્રિ દરમિયાન બગસરા આવી સથવારા સમાજના આગેવાનો સાથે બેઠક કરી હતી. જેમાં આગેવાનોએ ભાજપની નિષ્ક્રિયતા બાબતે ખૂબ જ રોષ ઠાલવ્યો હતો. જયારે ધારાસભ્ય દ્વારા ચૂંટણી પછી પાલિકા પ્રમુખ પતિ એ.વી. રીબડીયા પર પગલાં લેવાની ખાતરી આપવામાં આવતા અંતે ઘીના ઠામમાં ઘી પડી ગયું હતું. એક સપ્તાહથી શરૂ થયેલા આ વિવાદનો સુખદ અંત આવતા ભાજપે હાશકારો અનુભવ્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલામાં ભાજપનાં ઉમેદવાર

ધારાસભ્ય કસવાલાએ ૩૭૦ની કલમ, રામ મંદિર, કરોડો પરિવારોને શૌચાલય, મફતમાં અનાજ, ફાઈવ ટ્રિલિયન ઈકોનોમી, એઈમ્સ, આઈઆઈટી, એરપોર્ટ સહિતનાં રાષ્ટ્રીય ક્ષેત્રે તેમજ અમરેલી જિલ્લામાં ભાજપ સરકાર ધ્વારા થયેલ વિકાસ કાર્યો અંગે શહેરીજનોને માહિતગાર કર્યા હતા. તો સાવરકુંડલા શહેરમાં નાવલી રીવરફ્રન્ટ, નેશનલ હાઈવે, રેલ્વેસ્ટેશનનું અપગ્રેડેશન સહિતનાં વિકાસકાર્યો અંગે જણાવ્યું હતું અને ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને પાંચ લાખ મતોની સરસાઈથી વિજેતા બનાવવા હાંકલ કરી હતી.

આ સભામાં જિલ્લા ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, જિલ્લા અ.જા. પ્રમુખ કેશુભાઈ વાઘેલા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, કા. ચેરમેન અશોકભાઈ ચૌહાણ, નગરપાલિકા હોદેદારો, ચેરમેનો, સદસ્યો, શહેર સંગઠન હોદેદારો હાજર રહ્યા હતા.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૯૦૧ | ૧૨૪૧ |
| ૨ | શીંગ મોટી | ૮૧૭ | ૧૨૨૧ |
| ૩ | શીંગ નવી | ૧૨૨૦ | ૧૩૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૮૦૦ |
| ૫ | તલ કાળા | – | ૩૦૪૦ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૪૮૫૦ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૪૪૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૬૧ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૦૬ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૭૦૦ |
| ૧૨ | મગ | ૧૩૫૦ | ૧૭૫૫ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૨૬ |
| ૧૪ | તુવેર | ૧૯૦૦ | ૨૧૮૧ |
| ૧૫ | એરંડી | ૧૦૦૮ | ૧૦૬૫ |
| ૧૬ | મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૭ | રાય/રાયડો | ૮૫૦ | ૯૧૪ |
| ૧૮ | ધાણા | ૧૨૫૧ | ૧૪૫૧ |
| ૧૯ | સોયાબીન | ૮૨૬ | ૮૩૧ |
| ૨૦ | મકાઈ | ૪૯૮ | – |

પાના ૮ ઉપરનું ચાલું

## આગામી મંગળવારે સવારે ૬ કલાકે

(સમગ્ર દેશમાં ત્રીજા તબકકાનું) મતદાન યોજાશે. તા. ૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૬ વાગ્યે મોકપોલ યોજાશે, સવારે ૭ કલાકથી મતદારોના આગમન સાથે મતદાનનો પ્રારંભ થશે. આથી, લોકશાહીના મહા પર્વમાં ભાગીદાર બનીને જિલ્લામાં વધુમાં વધુ મતદાન કરીએ અને મહત્તમ નાગરિકો મતદાન કરે તે માટે અનુરોધ કરીએ, તેમ અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૧૨ | ૧૨૧૬ |
| ૨ | ઘઉં | ૪૫૦ | ૫૧૬ |
| ૩ | ચણા | ૧૧૭૫ | ૧૧૮૫ |
| ૪ | જીરૂ | ૪૧૬૦ | ૪૧૬૦ |
| ૫ | ધાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૬ | અજમા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૭ | મેથી | ૯૫૬ | ૯૬૭ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૫ | ૧૪૨૧ |
| ૨ | ચણા | ૧૦૮૦ | ૧૨૨૧ |
| ૩ | બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ૪ | જુવાર સફેદ | ૬૫૧ | ૭૨૦ |
| ૫ | તુવેર | ૧૭૮૦ | ૧૭૮૦ |
| ૬ | એરંડા | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૭ | તલ | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૮ | મેથી | ૯૫૨ | ૯૫૨ |
| ૯ | ધાણા | ૩૯૦૦ | ૩૯૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૧૫૦ | ૧૧૫૧ |
| ૩ | ધાણા | ૧૦૦૧ | ૧૫૧૫ |
| ૪ | તલ સફેદ | ૧૭૧૧ | ૨૫૦૦ |
| ૫ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૨૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૧૭ | ૫૫૯ |
| ૭ | જુવાર | ૪૦૦ | ૭૦૦ |
| ૮ | ચણા છોલે | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૯ | જીરૂ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૦ | રાય | ૯૨૫ | ૯૨૫ |
| ૧૧ | તુવેર | ૧૭૫૫ | ૨૧૦૦ |
| ૧૨ | એરંડી | ૧૦૩૫ | ૧૦૬૫ |
| ૧૩ | લસણ | ૧૬૦૧ | ૨૨૨૩ |
| ૧૪ | સોયાબીન | ૭૬૦ | ૮૯૦ |
| ૧૫ | શીંગફાડા | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૧૬ | મગફળી | ૧૧૨૫ | ૧૧૩૨ |
| ૧૭ | મગ | ૧૨૦૦ | ૧૨૪૫ |
| ૧૮ | વાલ | ૧૨૪૫ | ૧૨૪૫ |
| ૧૯ | તલ કાળા | ૨૧૦૦ | ૨૧૩૫ |
| ૨૦ | મકાઈ | ૪૦૦ | ૫૧૧ |
| ૨૧ | મેથી | ૯૦૦ | ૯૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં દોલતી ગામે

હોય જેથી આધેડે તે રસ્તો બંધ કરેલ હોય. તે વાતનું મનદુઃખ રાખીને ઈરાદાપૂર્વક આધેડનું નુકસાન કરવાના ઈરાદાથી આધેડના શેઢા પાડોશી આરોપીઓએ તેની જમીનમાં આવેલ ઘઉંના કુવળ (ઠુઠા) સળગાવેલ હોય તેમાં આધેડના જુના મકાનના કાટમાળ તથા શેઢામાં આગ લાગી ગયેલ અને શેઢા તથા જુના મકાનના કાટમાળમાં આગ લાગેલ હોવાનું જાણવા છતાં ઈરાદાપૂર્વક તે આગને ઓલવી નહી અને સળગવા દઈ તેમજ આધેડને જાણ પણ કરેલ નહી જેથી આશરે રૂા.૧૫,૦૦૦નું નુકસાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે અમારા અસીલ નીચેની અલગ–અલગ વિગતની મિલકતો તેમના માલિકો–આસામીઓ પાસેથી ખરીદ કરવા માંગે છે. આસામીઓનાં જણાવ્યા મુજબ નીચેની વિગતની મિલકતો તેમના કબજા–ભોગવટા સુવાંગ માલિકીની આવેલ છે.

| ક્રમ | નામ | જીલ્લો–તાલુકો ગામ | રે.સર્વે નં. | ખાતા નં. | ક્ષેત્રફળ (હે.આરે. ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | કાળુભાઈ ભીમભાઈ બોદર | અમરેલી–બાબરા–નડાળા | નવો–૧૬૩, જુનો–૧૦૮ પૈકી ૧ | ૫૯૧ | ૨–૪૨–૯૨ |
| ૨ | કિશોરભાઈ કાળુભાઈ બોદર | અમરેલી–બાબરા–નડાળા | નવો–૧૬૫, જુનો–૧૦૮ પૈકી ૩/પૈકી ૧ | ૫૯૨ | ૨–૨૯–૬૬ |

જે સબબ ઉપરોકત પારા–કોષ્ટકમાં જણાવેલ વિગત વર્ણન વાળી મિલકતો, માલિકી, કબજા–ભોગવટા સંબંધે કે કોઈપણ વ્યકિત, પેઢી, ફાયનાન્સર, સહકારી મંડળી, બેન્કો કે એસાઈનીઓ કે વારસદારો વિગેરે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણ, ભાયોભાગ, હકક, લેણું, બોજો, ગીરો, લિયન, કોઈપણ જાતની જવાબદારી કે હકક કે અધિકાર સદરહું મિલકતનો વેચાણ દસ્તાવેજ, બાનાખત (સાટાખત), મુખત્યારનામું સદરહું મિલકત ઉપર દરદાવો, મનાઈહુકમ, લાગભાગ, કબજા હકક કે કોઈ અન્ય હકકો જો હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ–૦૭ (સાત)માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત વીત્યે આ ઉપરોકત મિલકત પરત્વે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, બોજો નથી અને હોય તે તે જતો (વેઈવ–WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલની સદરહું મિલકત ખરીદી અંગેની આગળની કાર્યવાહી પૂરી કરી અમારા અસીલ ધ્વારા ખરીદી લેવામાં આવશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરા, કે લાગભાગ–હકકહિસ્સા, દસ્તાવેજો, કુલમુખત્યારનામાઓ, બાનાખત–સાટાખત, કે કાંઈપણ અમારા અસીલના હકક, હિસ્સાને, બંધનકર્તા રહેશે નહીં. જેની આથી લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.

**એડવોકેટ : માલવિકા પી. ભટ્ટ**
**આદિત્ય કન્સલટન્સી**

ઓફિસ : એફ ૪, મહાદેવ કોમ્પ્લેક્ષ, નગર સેવા સદન સામે, ચોટીલા રોડ, જસદણ, જી. રાજકોટ. મો. નં. ૯૦૯૪૯ ૦૯૮૯૦, ૮૨૩૮૩ ૭૩૩૪૨

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૭૧૧ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૪ |
| ૪ | બાજરો | ૪૧૧ | ૫૨૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૯ |
| ૬ | જુવાર | ૬૨૫ | ૭૬૦ |
| ૭ | મકાઈ | ૪૬૦ | ૫૧૦ |
| ૮ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | સુવા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | ચણા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૧૧ | રાય | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૨ | વરીયાળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૧૧ | ૮૪૦ |
| ૧૪ | ધાણા | ૧૧૦૦ | ૧૩૫૦ |

## સમગ્ર પંથકમાં કેસરીયો માહોલ છવાયો : મતદારોમાં ઉત્સાહનો માહોલ

# સાવરકુંડલામાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને પ્રચંડ સમર્થન

**દેવળાગેઈટ વિસ્તારમાં વિશાળ જનમેદની વચ્ચે ધારાસભ્ય મહેશ કસવાલાનું મનનીય વકતવ્ય**

**''અબ કી બાર ૪૦૦ પાર''નાં નારા સાથે શહેરીજનોએ ચીચીયારી બોલાવી**

**દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં થયેલ અદ્‌ભૂત વિકાસકાર્યોને યાદ કરીને ભાજપને મત આપવા આહ્વાન**

**સ્થાનિક ભાજપનાં અગ્રણી શરદ પંડયા, કેશુભાઈ વાઘેલા, પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી વિગેરે પણ જોડાયા**




અમરેલી, તા. ૩ અમરેલી લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં સાવરકુંડલાનાં દેવળા ગેઈટ વિસ્તારમાં ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં વિશાળ જનસંમેલન મળેલ. જેમાં ''અબ કી બાર ૪૦૦ પાર''નો નારો લાગતાં ઉપસ્થિત જનમેદનીએ પણ ''અબ કી બાર ૪૦૦ પાર''નો નારો ગગનચુંબી અવાજમાં કરેલ.

અનુસંધાન પાના ૬ ઉપર

### માર્ગ-મકાન વિભાગની બેદરકારી

## દામનગર : દહીંથરા-કાચરડી માર્ગ બનાવ્યા બાદ સાઈડમાં બુરાણ ન થયું

**બુરાણનાં અભાવે અકસ્માતની શકયતાઓ**

દામનગર, તા. ૩

ઘણા લાંબા સમય પછી લાઠી તાલુકાના દહીંથરાથી કાચરડી સુધી ૪ કી.મી. લંબાઈ ધરાવતા આ માર્ગનું ડામર પાથરીને નવીનીકરણ કરવામાં આવતા આ વિસ્તારના જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની રજુઆત અને અખબારી અહેવાલો બાદથી વાહન ચાલકોને પડતી તકલીફોનો અંત તો આવી ગયો છે. પરંતુ આ માર્ગની બંને બાજુએ રહેલ કડને પુરવામાં ન આવતા સામેથી આવતા મોટા વાહનોને કારણે નાના વાહન ચાલકોને માર્ગની બાજુએ લેવાની જરૂર પડે ત્યારે નીચે ઉતરી જવાનો ભય રહ્યા કરે અથવા તો અકસ્માત થવાનો ડર રહ્યા કરે છે. તેમજ આ ૪ કી.મી.નાં માર્ગમાં દહિંથરાના નિરાધાર આશ્રમથી કાચરડી સુધી આવતા વળાંકોમાં સ્પીડ બ્રેકરો કરવામાં આવેલ ન હોય દુર્ઘટના થવાની પૂરેપૂરી સંભાવના હોય. કડ પૂરવામાં આવે તેમજ સ્પીડ બ્રેકરો બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ કોન્ટ્રાકટરને સૂચના આપે. આ વિભાગના અધિકારીઓએ રોડનું તટસ્થ રીતે નિરીક્ષણ કરવું જોઈએ અને હા આ રોડની વચ્ચે જયારે ચોમાસામાં વરસાદ આવતો હોય ત્યારે પાણી દડી જાય ઈ રીતે ટેપર રાખવામાં આવેલ ન હોય, રોડ કેટલો સમય સુધી સારો રહેશે તે કહેવું અત્યારે ઉચિત નથી..!!







### વધુમાં વધુ નાગરિકોને મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો

## આગામી મંગળવારે સવારે ૬ કલાકે મોકપોલ સવારે ૭ કલાકથી મતદાનનો થશે પ્રારંભ

**જિલ્લાનાં ચૂંટણી તંત્ર દ્વારા રાજકીય પક્ષો કરતાં પણ વધારે તૈયારી**

અમરેલી તા. ૩

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોને મતદાન માટે જાગૃત્ત કરવાની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ છે. સિસ્ટેમેટીક એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પાલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. આગામી તા. ૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ લોકશાહીના મહાપર્વ

અનુસંધાન પાના ૬ ઉપર

### આધેડનાં જુના મકાનમાં આગ લાગી

## સાવરકુંડલાનાં દોલતી ગામે વાડીએ જવાનો માર્ગ બંધ કરાતા પોલીસ ફરિયાદ

**આરોપીએ આધેડને ૧૫ હજારનું નુકસાન કર્યુ**

અમરેલી, તા. ૩

સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે રહેતા ભાભલુભાઈ દડુભાઈ ચાંદુ નામનાં ખેડુત આધેડની જમીનમાંથી તે જ ગામે રહેતા સામાવાળા આરોપી ગભરૂભાઈ રાણીંગભાઈ, શીવરાજભાઈ ગભરૂભાઈની વાડીએ જવાનો રસ્તો હોય. પરંતુ તે રસ્તો તેનો કાયદેસરનો ન

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારાસભ્ય જે.વી. કાકડીયાની દરમિયાનગીરીથી

## અંતે ઘીનાં ઠામમાં ઘી પડયું : બગસરામાં સથવારા સમાજ દ્વારા સમાધાન થયું

**ભાજપે ચૂંટણી પછી પગલા લેવાની ખાત્રી આપી**



બગસરા, તા. ૩

બગસરાના સથવારા સમાજના ઉપપ્રમુખનું પાલિકા પ્રમુખ પતિ દ્વારા થયેલ અપમાનમાં અંતે ધારાસભ્યની મધ્યસ્થીને લીધે સુખદ સમાધાન આવ્યું હતું. જોકે ચૂંટણી પછી પાલિકા પ્રમુખ પતિ પર પગલાં લેવા ખાતરી આપવામાં આવી છે.

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)